હતી તેમ કહીને પણ પ્રોત્સાહન આપી ભૂલોમાંથી બચાવી લેતા. ઉદારભાવે ભૂલોની માફી આપવામાં આનાકાની કરી નથી. વયોવૃદ્ધ હોવા છતાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો તથા તત્ત્વચર્ચામાં નિત્ય નિયમિત ઉપસ્થિત રહેતા. તેમજ ઘરે પણ નિત્ય સ્વાધ્યાય કરે છે. ઘરે કોઈ જિજ્ઞાસુ જાય તેમને શાસ્ત્ર અભ્યાસ કરાવવામાં નિરંતર તત્પર રહે છે, કોઈ જાતના ટાઈમની પરવા કર્યા વગર ૨૪ કલાક તેમનું ઘર ખુલ્લું જ હોય છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં આત્મકલ્યાણમય અપૂર્વ વાણીનું પાન કરીને તદ્દનુસાર આચરણ કરનાર છે. આવા અનેક સદ્‌ગુણો માટે તેઓ આપણા માટે પૂજનીય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે અડગ શ્રદ્ધા હતી. ઉપરાંત યાત્રામાં પણ કલકત્તામાં બેલગછીઆ વખતે તેમજ પાલીતાણા વગેરે સ્થળે પણ વિરોધના વાતાવરણમાં સમયસૂચકતા વાપરીને પોતે નિર્ણયાત્મક પગલું લઈને શાંતિપૂર્વક રસ્તો કાઢેલ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં પરિવર્તન વખતે શરૂથી જ અને પછી પણ ઘણી જ અડગ રીતે સેવા કરી. તે વખતે મુ. શ્રી નાનાલાલભાઈ જસાણી, શ્રી મુળજીભાઈ લાખાણી વગેરે અન્ય વ્યક્તિઓ સાથે ઘણા પ્રશ્ન હલ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વપ્રચારમાં અનન્ય સેવા આપી છે. પૂજ્ય ગુરુદેવશ્રીના આ અનન્ય ભક્તની જન્મશતાબ્દિ મહોત્સવની ચિરસ્મૃતિરૂપે એક સ્થાયી ગ્રંથમાળાની જે સ્થાપના કરવામાં આવી છે તેમાં રાજકોટ સંઘ તરફથી રૂા. ૫૧૦૦૦ આ પ્રસંગે જાહેરાત કરતાં આનંદ થાય છે.

અંતમાં, તેઓ દીર્ઘાયુ હો અને સદાય તેઓનું આપણી સંસ્થાને માર્ગદર્શન મળતું રહો તેવી ભાવના સાથે જન્મશતાબ્દિના અભિનંદન વ્યક્ત કરું છું.

## કન્નડભાષામાં પ્રકાશિત ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી

આચાર્ય શ્રી કુંદકુંદદેવ વિરચિત ગ્રંથાધિરાજ શ્રી સમયસારજીનો કન્નડભાષામાં અનુવાદ કરીને, આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવની સંસ્કૃત ટીકા સહિત સૌ પ્રથમવાર કન્નડભાષી સમયસારજી પ્રકાશિત કરવાનું પ્રશંસનીય કાર્ય શ્રી દિ. જૈન ટ્રસ્ટ, બેંગલોર દ્વારા શ્રુતપંચમીથી શરૂ કરવામાં આવ્યું છે. વિગત સેંકડો વર્ષો દરમિયાન શ્રી કુંદકુંદાચાર્યનું આધ્યાત્મિક સાહિત્ય કન્નડભાષી લોકોને અપ્રાપ્ય હતું. તેથી આ પ્રશંસનીય શુભકાર્યના સમાચાર જાણીને કન્નડભાષી જૈન સમાજ અત્યંત હર્ષિત થયો છે.

—મનોહરભાઈ, બેંગલોર

—×—

# બાપુજી—એક બહુમુખી પ્રતિભા

આદરણીય બાપુજી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના જન્મશતાબ્દિ-ઉત્સવ પ્રસંગે સમસ્ત મુમુક્ષુસમાજ તથા પોતા વતી, પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહનું બાપુજીને આદરપુષ્પો સમર્પણ કરતું ભાવભીનું ભાષણ

પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ આ યુગમાં લુપ્તપ્રાય થઈ ગયેલા સ્વાનુભૂતિપ્રધાન મોક્ષમાર્ગને પુનર્જીવિત કરવાનું જે વિરાટ કાર્ય કર્યું તેની સાથે સાથે સ્વાભાવિક રીતે જ સોનગઢમાં અનેક સંસ્થાઓ અને અનેકવિધ પ્રવૃત્તિઓ અસ્તિત્વમાં આવતી ગઈ અને વિકસતી ગઈ. પવિત્રતા અને પુણ્યના ધણી પૂજ્ય ગુરુદેવનો પ્રભાવના-ઉદય અજબ હતો. તે પ્રભાવના-ઉદયે, લોકોના શબ્દોમાં કહીએ તો, સૌરાષ્ટ્રના બે સિંહને વશ કર્યા અને સોનગઢમાં સ્થિર કર્યા. તેમાંના એક સિંહ તે આપણા બાપુજી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી. તે સિંહપુરુષે સોનગઢની સમસ્ત પ્રવૃત્તિઓ સંભાળી અને તેઓ તેનું આજદિન પર્યંત અત્યંત સુંદર રીતે નિર્વહણ કરી રહ્યા છે. સુવર્ણપુરીની સર્વ પ્રવૃત્તિઓના જન્મદાતા, પોષક અને વર્ધક પિતા તરીકે બાપુજીનું નામ સુવર્ણપુરીના ઇતિહાસમાં સુવર્ણ-અક્ષરે અંકિત રહેશે. પૂ. બાપુજી અનેક વર્ષોથી સર્વાર્પણપણે ગુરુભક્તિની, સૂક્ષ્મપણે શાસ્ત્ર-અવગાહનની અને સહૃદયપણે નિઃસ્વાર્થ સેવાની ધૂણી ધખાવીને સોનગઢ-તીર્થમાં વસ્યા છે. કાર્યધુરાવહનશક્તિ, પિતાતુલ્ય વાત્સલ્ય, નીડરતા, સજ્જનતા, નીતિમત્તા, ઉદારતા, સાદાઈ, આત્માર્થિતા, ઉદ્યમપરાયણતા, ધર્મશ્રદ્ધા, વિદ્વત્તા, ગુરુચરણોપાસના ઇત્યાદિ બાપુજીના અનેક ગુણોએ મુમુક્ષુજનોનાં હૃદય જીતી લીધાં છે. આપણા સૌનાં હૃદયમાં રહેલી બાપુજી પ્રત્યેની ઊંડી આદર-સન્માનની ઊર્મિને વ્યક્ત કરવા આપણે બાપુજીના આ જન્મશતાબ્દિ-મહોત્સવપ્રસંગે એકત્ર થયા છીએ.

બાપુજીનો લૌકિક વ્યવસાય વકીલાતનો હતો. એક અગ્રિમ કોટિના ઍડ્વોકેટ તરીકે તેમનું નામ સૌરાષ્ટ્રભરમાં ગાજતું હતું. વકીલાત જેવા વ્યવસાયમાં પણ તેઓ તદ્દન પ્રમાણિકપણે કામ કરતા હતા. તેઓ સાચા મજબૂત કેસો જ હાથમાં લેતા અને ઝીણવટથી પરિશ્રમપૂર્વક કેસનો બરાબર અભ્યાસ કરી સબળ અસરકારક દલીલોપૂર્વક કેસ રજૂ કરતા જેથી ૯૯ ટકા કેસોમાં તેમની જીત થતી. તેમણે કદી ન્યાયાધીશોની ખુશામત કરી નથી કે તેમને ભેટ-સોગાત મોકલી નથી. તેઓ સૌરાષ્ટ્રના 'બાર ઍસોસિયેશન'ના પ્રમુખ પણ ઘણાં વર્ષ રહ્યા હતા. સૌરાષ્ટ્રના તત્કાલીન મુખ્ય પ્રધાન શ્રી ઢેબરભાઈએ બાપુજીને 'ચીફ જસ્ટિસ'ની પદવીની ઑફર પણ કરી હતી; પણ બાપુજીએ

'મેં નિવૃત્ત થઈને મારું જીવન સંપૂર્ણપણે ધાર્મિક વ્યવસાયમાં ગાળવાનો નિર્ણય કર્યો છે' એમ કહીને તેનો સાદર અસ્વીકાર કર્યો હતો. રાજકીય ક્ષેત્રે પણ બાપુજીની સેવા નોંધપાત્ર હતી. સત્યાગ્રહની ચળવળના અનુસંધાનમાં તેમણે બે વાર જેલવાસ ભોગવ્યો હતો, જ્યાં જેલમાં પણ તેઓ સમયસાર આદિ શાસ્ત્રોનું વાંચન કરતા હતા. મહાત્મા ગાંધીજીને પણ બાપુજીની તેજસ્વી મેધાનો ખ્યાલ હતો; તેથી જ રાજકોટની સત્યાગ્રહની લડત વખતે ગાંધીજીએ પોતે વાઈસરોયને લખેલો પત્ર વાંચી જોવા બાપુજીને કહ્યું હતું. આ રીતે બાપુજીની લૌકિક કારકિર્દી ઘણી યશસ્વી હતી.

બાપુજીની રહેણીકરણી પ્રથમથી જ સાદી છે. વકીલાત કરતા ત્યારે પણ કોટ–પાટલૂન ન પહેરતા. પૂછીએ તો કહે કે 'શું કોટ-પાટલૂન વકીલાત કરવાનાં છે?' ઘણાં વર્ષ પહેલાંની વાત છેઃ—પૂજ્ય ગુરુદેવ રાજકોટમાં બિરાજતા હતા. હું પણ ત્યાં ગયો હતો. અમે મકાનની ઓસરીમાં આંટા મારતા હતા. વિશાળ ફળિયામાં બાપુજી ધીમે પગલે આગળ ચાલ્યા જતા હતા. ખાદીનો સાદો કોટ પહેરેલો, જાડું ખાદીનું ધોતિયું, માથે સફેદ પાઘડી જેનો એક છેડો છૂટો પડી જઈને લટકતો હતો; પગમાં સાદા જોડા, જેમાંનો એક જોડો પાછળના ભાગમાં વળી ગયો હોવાથી સપાટ જેવો થઈ ગયો હતો. ગુરુદેવ તેમના તરફ જોઈને હસતાં હસતાં બોલ્યા: જુઓ! મોટા બારિસ્ટરોને હંફાવનારા વકીલ કોર્ટમાં વકીલાત કરવા ચાલ્યા જાય છે!........બાપુજી અહીં રહેવા આવ્યા ત્યારે પ્રથમ વળાના ઉતારામાં મારી બાજુના ઓરડામાં રહેતા હતા. તદ્દન સામાન્ય જૂનું મકાન, માથે દેશી નળિયાંનું છાપરું, નીચે ભાંગી-તૂટી ખરબચડી લાદી. રસોઈયાણી માણેકબાઈ રસોઈ કરે, બાપુજી બે ટંક જમવા આવે; સવારે ચા-દૂધ કાંઈ ન લે. બાકીનો બધો સમય સ્વાધ્યાયમંદિરમાં ગુરુદેવ પાસે અને શાસ્ત્રસ્વાધ્યાયાદિ ધાર્મિક પ્રવૃત્તિઓમાં ગાળે. ઈ. સ. ૧૯૨૨ માં બાપુજીએ સાંભળ્યું હતું કે ખાંડ બનાવવામાં તો હિંસા થાય છે. 'તો પછી ખાંડ વાપરવાનું શું કામ છે?' એવા વિચારથી નિર્લોલુપ બાપુજીએ ખાંડ ને ગોળનો (દાળ-શાકમાં વપરાય તેની છૂટ રાખીને) ત્યાગ કર્યો. તેમણે ૬૦ વર્ષથી ખાંડ, ગોળ ને મિષ્ટાન્ન ચાખ્યાં પણ નથી! લોકોને તો લોહીની તપાસમાં 'ડાયાબિટિસ'નું નિદાન થાય ત્યાં ફાળ પડે, ઈન્સ્યુલીન લઈ લઈને પણ મિષ્ટાન્ન ખાય. તેની સાથે સરખાવતાં બાપુજીનો કેટલો સ્વાદ પર વિજય?...સારાં કે નરસાં કપડાં પ્રત્યે પણ બાપુજીનું લક્ષ હોતું નથી. મેં માણેકબાઈને કહેતાં સાંભળ્યાં છે કે 'બાપુજી! આ ઝભ્ભો ફાટી ગયો છે, બીજા પણ ફાટી ગયા છે,' ત્યારે બાપુજીનું લક્ષ જાય અને દરજીને બોલાવરાવીને અથવા તેને જૂનો ઝભ્ભો મોકલી આપીને તેના માપ પ્રમાણે બીજા ઝભ્ભા સિવડાવે. આ રીતે કપડાં, ભોજન, આવાસ ઈત્યાદિ સર્વ બાબતમાં બાપુજીની સાદાઈ આશ્ચર્યકારી છે.

બાપુજીનો સ્વભાવ ઉદાર હોવાથી તેમના ઘરનો બધો વ્યવહાર ઉદારતાપૂર્વક

ચાલે છે. ધનસંચયમાં તેઓ માનતા નથી અને ખરીદી આદિ ધનવ્યયનાં કાર્યોમાં કરકસરની ચીકાશ કરવાનું તેમની પ્રકૃતિમાં નથી. સાંભળ્યું છે કે નાની વયમાં એક વાર સુમનભાઈએ કહ્યું : 'બાપુજી! મોટર અપાવો ને'; બાપુજીએ તરત જ નાનું રમકડું ખરીદવાની સંમતિ દેતા હોય તેમ કહી દીધું: 'જાઓ, તમને પસંદ પડે તેવી લઈ આવો.' બાપુજી રાજકોટમાં હતા ત્યારે ઘરનો બધો વહીવટ તેમના એક મુનીમ સંભાળતા; બાપુજી તેમાં કાંઈ માથું મારે નહિ. દેવશાસ્ત્રગુરુ પ્રત્યેની ભક્તિને લીધે જે રામજીભાઈ આપણી સંસ્થાના ભારતવ્યાપી કામકાજનો વહીવટ ચીવટથી સંભાળે છે તે જ રામજીભાઈ પોતાના ઘરનાં કામકાજ પ્રત્યે, તેની નિઃસત્ત્વતા લાગતી હોવાથી, ઉદાસીનવૃત્તિ સેવે છે. દીકરા-દીકરીનાં લગ્ન હોય ત્યારે પણ બીજાઓ તે કામ ઉપાડી લે. એક બાજુ લગ્નની વિધિ ચાલતી હોય ત્યારે એક બાજુ બાપુજીનું શાસ્ત્રવાંચન ચાલતું હોય. એકવાર લગ્નવિધિ પૂરી થઈ અને દીકરીને સાસરે વોળાવવાની હતી ત્યારે બાપુજી જ્યાં શાસ્ત્રવાંચન કરી રહ્યા હતા ત્યાં જઈને આપણા મુમુક્ષુ ભાઈ શ્રી પ્રેમચંદભાઈ (રાણુપુરવાળા)એ કહ્યું : 'બાપુજી! બહેન સાસરે જાય છે, વિદાય દેવા ચાલો.' બાપુજી કહે : તમે આપી દો ને. ન ચાલે ?' 'બાપુજી, એમ ન ચાલે; તમારે આવવું જોઈએ.' 'ચાલો ત્યારે' એમ કહીને બાપુજી ઊઠયા, ને વિદાય આપી.....ભાઈ સુમનભાઈ અભ્યાસ-અર્થે ત્રણેક વર્ષ માટે અમેરિકા જવાના હતા ત્યારે બાપુજી તેમને વિદાય દેવા સ્વાધ્યાયમંદિરનું પગથિયું પણ ઊતર્યા નહોતા. સામાન્ય રીતે દીકરો પરદેશ જતો હોય ત્યારે કેટલાક લોકો તો વિદાય દેવા મુંબઈ સુધી જતા તે વખતે બાપુજીએ સ્વાધ્યાયમંદિરમાંથી જ 'આવજો' કહી દીધું હતું! આ રીતે વ્યાવહારિક બાબતો સાથે તેઓ બહુ ઓછો લગવાડ રાખે છે.

આ બધી બાબતો ભલે માત્ર લૌકિક જીવનની બાબતો હોય, આધ્યાત્મિક મહત્ત્વની ન હોય, અને બાપુજી ભલે તે બાબતોની ગૌણતા કરીને 'પણ તેથી શું ?' એમ કહી તે વાત હળવી કરી નાખતા હોય, પરંતુ જ્યારે આ વિષમ કાળમાં લોકોના વ્યાવહારિક જીવનમાં બહુધા મલિનતા વ્યાપી ગયેલી જોવામાં આવે છે ત્યારે ક્વચિત્ જ જોવા મળતું આવું ચોખ્ખું જીવન જરૂર મનને શાતા ઉપજાવે છે.

બાપુજીને પહેલેથી જ ધર્મનો રંગ ખરો. સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા ત્યારે શ્વેતાંબર શાસ્ત્રોનું વાંચન કરતા અને સંપ્રદાયમાં ચાલતી ધાર્મિક ક્રિયાઓ પણ કરતા. સત્યશોધનના હેતુથી અન્ય દર્શનોનો અભ્યાસ પણ થોડોઘણો કર્યો હતો. તે અરસામાં દિગંબર જૈન ધર્મની માન્યતાવાળા શ્રી ભાઈચંદજી મહારાજનો પણ કાંઈક પરિચય થયો હતો. શ્રીમદ્ રાજચંદ્રજીના સાહિત્યનો પરિચય થતાં તે વચનામૃતોનો બાપુજી પર વિશેષ પ્રભાવ પડયો હતો. તેઓ વેકેશન આદિ અવકાશના સમયે શ્રીમદ્ રાજચંદ્રજીના વડવા-આશ્રમમાં જઈને રહેતા. સાથે

સાથે તેમને પૂજ્ય ગુરુદેવનાં સત્ય-તત્ત્વજ્ઞાનઝરતાં વ્યાખ્યાનો સાંભળવાના પ્રસંગો પણ બનતા રહ્યા. પરિણામે તેમને શ્રદ્ધા થઈ કે આ જ તત્ત્વજ્ઞાન તર્ક સાથે સુસંગત છે. તેમણે ધીમે ધીમે ગુરુદેવનો પરિચય વધારવા માંડ્યો. સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ ધર્મ-પરિવર્તન કરીને શ્રી હીરાભાઈના મકાનમાં બિરાજતા હતા ત્યારે રામજીભાઈ કોઈ કોઈ વાર સત્સંગ-અર્થે ત્યાં આવતા. મેં તેમને હીરાભાઈના મકાનની આગળના સરકારી ગેસ્ટ-હાઉસમાં ઊતરેલા જોયા હતા. બાપુજી બાળક સુમનભાઈને ખોળામાં બેસાડીને 'આત્મસિદ્ધિ' ગવરાવતા હતા. સુમનભાઈ ગાતાં ગાતાં બાપુજીના ખભે પણ ચડી જતા. બાપુજીની પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની અર્પણતા વધતી ગઈ અને તેઓ સત્સંગ-અર્થે ગુરુદેવનો પરિચય વધારતા જ ગયા. છેવટે એમને થયું કે પ્રત્યક્ષ સત્પુરુષના સત્સંગનો આ લાભ છોડીને મનુષ્યભવનો કીમતી સમય વકીલાતમાં શું કામ બગાડવો? આવી ભાવનાપૂર્વક તેમણે વકીલાતના નવા કેસ ન લેવાની પ્રતિજ્ઞા કરી અને પૂજ્ય ગુરુદેવનાં પાવન ચરણોમાં આવીને વસ્યા.

બાપુજીએ સત્સંગ-અર્થે સોનગઢમાં સ્થિરવાસ કર્યો ત્યાર પહેલાંથી માંડીને અત્યાર સુધી અહીંની બધી પ્રવૃત્તિઓ, બધો વહીવટ બાપુજીના કુશળ નેતૃત્વ નીચે ચાલે છે. એવી એક પણ પ્રવૃત્તિ નહિ હોય કે જેમાં રામજીભાઈનાં દર્શન ન થતાં હોય. અહીંની સર્વ પ્રવૃત્તિઓમાં રામજીભાઈ જ દેખાય છે. સોનગઢનાં બધાં કાર્યોમાં તો ઠીક, પરંતુ અન્ય ગામોનાં મુમુક્ષુમંડળો પણ પોતાના ગૂંચવણભર્યા કોયડાઓ બાપુજી પાસે લાવે છે અને સંતોષકારક ઉકેલ મેળવે છે.

અનેકવિધ કાર્યોની જવાબદારીઓ બાપુજીના શિરે હોવા છતાં તેમને તેનો બોજો લાગતો નથી, તેઓ તો હળવા ફૂલ જેવા રહે છે; અને તેથી જ તેઓ તે બધાં કાર્યો રમતમાત્રમાં કરી શકે છે. ભલે ગ્રંથપ્રકાશનવિભાગ શ્રી ખીમચંદભાઈ સંભાળતા હોય, બાંધકામવિભાગ શ્રી વજુભાઈના હાથમાં હોય અને અન્ય વિભાગો અન્ય કાર્યકર્તાઓના હાથમાં હોય, છતાં બધાયની જવાબદારી બાપુજી પોતાના પર જ રાખે છે. તેઓ સહકાર્યકર્તાઓને કહે છે: 'તમે સ્વતંત્રપણે, મને પૂછ્યા વિના પણ, કામ કરી શકો છો; કોઈ તમને પૂછે તો કહેવું કે રામજીભાઈને પૂછ્યું છે; કાંઈ ભૂલ થઈ જાય તોપણ મૂંઝાવું નહિ, ભૂલ તો થઈ જાય. તે ભૂલ તમારી નથી, પણ મારી છે.' આ પ્રમાણે તેઓ પ્રેમભર્યું પ્રોત્સાહક વર્તન રાખે છે. જોકે વિરોધીઓ ધ્રૂજી ઊઠે એવી કડકાઈ પણ બાપુજીમાં જરૂર છે, તોપણ સહકાર્યકર્તાઓ પ્રત્યે તેઓ પિતાતુલ્ય વાત્સલ્યથી વર્તે છે, જેથી તેમની છત્રછાયા નીચે સૌ નિશ્ચિંતપણે ઉલ્લાસપૂર્વક એકજૂથપણે કામ કરે છે.

બાપુજી એક વાર મને વાત કરતા હતા કે—"હું કલકત્તામાં શાસ્ત્રવાંચન કરતો

હતો ત્યારે એક પંડિત મને કહ્યા કરે કે સમયસારના અનુવાદમાં અમુક સ્થળે તમારા પંડિતની ભૂલ છે. મેં તેને કહ્યું: 'મને વિશ્વાસ છે કે અમારા પંડિતની ભૂલ હોય નહિ. કદાચ હોય તોપણ તે ભૂલ મારી છે કારણ કે હું તે અનુવાદ તપાસી ગયો છું અને તેનું પ્રકાશન પણ મેં કર્યું છે. બોલો, ક્યાં ભૂલ છે? બતાવો.' ખરેખર ભૂલ બિલકુલ હતી જ નહિ." આ રીતે બાપુજી ઉદારતાથી બીજાનો દોષ પોતાના પર લઈ લે છે.

પૂ. રામજીભાઈ સમાજમાં અને સરકારમાં તેમની જબ્બર પ્રતિષ્ઠા અને આદરપૂર્ણ સ્થાનને લીધે આપણી સંસ્થાનાં ઘણાં કામ સહેલાઈથી પાર પાડી શકે છે. તેઓ કડક રૅશનિંગના કપરા સમયમાં પણ જૈન-અતિથિગૃહમાં મહેમાનોને નિઃશુલ્ક જમાડવાની વ્યવસ્થા પ્રમાણિકપણે કાયદાની મર્યાદામાં રહીને સુંદર રીતે ચલાવી શક્યા હતા. લોકો કહેતા કે અમારા કુટુંબનું રૅશન મેળવવામાં પણ અમને કેટલી બધી મુશ્કેલી પડે છે ત્યારે તમે આટલા મહેમાનોને સુંદર રીતે જમાડી શકો છો તે એક આશ્ચર્ય છે. આવાં અનેક અગત્યનાં કામ બાપુજી દ્વારા થયાં છે.

પૂજ્ય ગુરુદેવના વિહારોમાં ઘણા ભાગે—તોફાનનો સંભવ હોય ત્યાં તો જરૂર—શ્રી રામજીભાઈ પણ સાથે જ રહેતા. બધાં ગામોમાં એકસરખું વાતાવરણ ન રહેતું; કોઈ કોઈ સ્થળે વત્તા-ઓછા વિરોધો પણ થતા. એવા વખતે મુ. રામજીભાઈ સાથે હોય તો ગુરુદેવ વિકલ્પ વિના નિશ્ચિંતપણે પોતાનાં સ્વાધ્યાય-મનનાદિ કાર્યોમાં રત રહી શકે, બહારનું બધું રામજીભાઈ સંભાળી લે. કોઈ વિરોધીઓ તકરારના હેતુથી વાદવિવાદ કરવા આવે તો 'તમે પહેલાં મારી સાથે ચર્ચા કરો અને જો તમને સમાધાન ન થાય તો પછી આપણે ગુરુદેવ પાસે જઈશું' એમ કહીને મુ. રામજીભાઈ તેમના પ્રશ્નોના જડબાતોડ જવાબો આપીને તેમને ઢીલા કરી નાખે જેથી ગુરુદેવ પાસે જવાના તેમનામાં હોશ જ ન રહે. કોઈ વાર વિરોધીઓ સીધા ગુરુદેવ પાસે વાદવિવાદ કરવા પહોંચી જાય તો ચર્ચામાં વચ્ચે રામજીભાઈ ઝંપલાવે અને ગુરુદેવને બદલે પોતે જ વિરોધીને મૂંઝવી નાખે એવા તર્કશુદ્ધ જવાબો આપવા માંડે અને એ રીતે ગુરુદેવને નિષ્પ્રયોજન માથાકૂટમાંથી મુક્ત કરે. કોઈ વાર કોઈ વિરોધી ભાઈ આવેશમાં આવી જઈને ગુરુદેવ પ્રત્યે હલ્લો કરવા ધસી જાય તો બાપુજી તરત જ વચ્ચે અડીખમ ઊભા રહી જઈને આડા ઘા ઝીલતા અને હલ્લો કરનારને ગુરુદેવ સુધી પહોંચવા ન દેતા. ક્યારેક તો બાપુજી આક્રમણકારને નીડરપણે પોતાની બાથમાં પકડી રાખીને, પોતાને ઈજા થાય તેની લેશ પણ પરવા કર્યા વિના, તેને આગળ વધવા ન દેતા. આ તો થોડાં ઉદાહરણો કહ્યાં. બાકી સદાય સર્વ પ્રકારના મંદ-તીવ્ર વિરોધોમાં બાપુજી શ્રી રામજીભાઈ ગુરુદેવની એક સર્વોત્તમ ઢાલ હતી. તેમનામાં તીવ્ર બુદ્ધિપ્રતિભા અને વિરલ વહીવટશક્તિ છે એટલું જ નહિ, પરંતુ તેમની હિંમત અને નીડરતા પણ અજબ છે. પૂજ્ય ગુરુદેવ તેમને એક આડાભીડ પુરુષ તરીકે વર્ણવતા, તેમ જ 'રામજીભાઈ

નહિ હોય ત્યારે ખબર પડશે' એમ પણ પ્રસંગોપાત્ત ઘણી વાર મુમુક્ષુઓને કહેતા.

પૂજ્ય ગુરુદેવની વ્યાપક ધર્મપ્રભાવનામાં બાપુજીનું સર્વતોમુખ યોગદાન હોવા છતાં બાપુજી કોઈ બહિર્મુખ પ્રવૃત્તિપ્રિય વ્યક્તિ નથી; ખરેખર બાપુજી એક તત્ત્વરસિક સ્વાધ્યાયપ્રેમી જીવ છે. ગુરુદેવની ઉપસ્થિતિમાં તેઓ ગુરુદેવનાં બે પ્રવચનો, રાત્રિચર્ચા, પૂજા તથા ભક્તિનાં કાર્યક્રમોમાં અચૂક નિયમિત હાજરી આપે, પ્રવચન તથા ભક્તિ પછી સ્વાધ્યાયમંદિરમાં પૂજ્ય ગુરુદેવની પાસે બેસી સત્સંગનો લાભ લે અને તે ઉપરાંત પોતાના ઘરે ત્રણ વખત શાસ્ત્રસ્વાધ્યાય કરે. સવારમાં વહેલા ચાર-પાંચ વાગ્યે જુઓ તો તેમના ઘરે કોઈ આશ્રમની જેમ બાપુજી એકલા અથવા પ્રાયઃ થોડા મુમુક્ષુઓની સાથે શાસ્ત્રવાંચન કરતા હોય; બપોરના પ્રવચન પહેલાં એક કલાક તથા સાંજે રાત્રિચર્ચા પહેલાં પણ એકાદ કલાક એ જ પ્રમાણે શાસ્ત્રસ્વાધ્યાય ચાલે. હજુ પણ શાસ્ત્રસ્વાધ્યાયથી ભરચક એ જ દિનચર્યા. શાસ્ત્રસ્વાધ્યાય તો બાપુજીનું જીવન છે. ભાગ્યે જ એવું કોઈ પ્રસિદ્ધ શાસ્ત્ર હશે કે જે બાપુજીએ ન વાંચ્યું હોય. બાપુજી જેટલો ઊંડો રહસ્યગ્રાહી અને વિસ્તીર્ણ શાસ્ત્રાભ્યાસ ધરાવતી વ્યક્તિ અન્યત્ર ક્વચિત્ જ જોવા મળે. બાપુજીએ પં. શ્રી બંસીધરજીને જ્યારે કહ્યું કે 'તમે તો મોટા પંડિત છો' ત્યારે પંડિતજીએ જવાબમાં કહ્યું હતું કે 'हम पंडित हैं तो आप पंडितपछाड हैं'. આ ઉંમરે પણ બાપુજીની ઉદ્યમપરાયણતા યુવાનોને પણ શરમાવે એવી, અત્યંત આશ્ચર્યજનક છે. શાસ્ત્રસ્વાધ્યાયથી તો થાકે જ નહિ. જરાક સમય મળ્યો કે તરત જ શાસ્ત્રવાંચન કે તત્ત્વચર્ચા ચાલે. 'પ્રમાદ' શબ્દ તેમના શબ્દકોષમાં નથી. શાસ્ત્રસ્વાધ્યાય ઉપરાંત, આપણી સંસ્થા દ્વારા પ્રકાશિત થતા બધા ગ્રંથોનું લખાણ તથા 'આત્મધર્મ' માસિકપત્રનું લખાણ બાપુજી ઘણી ચીવટથી તપાસી જતા અને પછી જ પ્રેસમાં આપતા. જિજ્ઞાસુઓને જૈનધર્મનું સાચું દિગ્દર્શન કરાવનારા 'મોક્ષશાસ્ત્ર (સટીક)' અને 'ધર્મની ક્રિયા' એ બે ગ્રંથો રચવામાં પણ બાપુજીએ પુષ્કળ પરિશ્રમ લીધો છે. આ રીતે બાપુજીનો શાસ્ત્રપ્રેમ અથાગ છે. દિગંબર જૈન શાસ્ત્રો પ્રત્યે તેમને અપાર પ્રેમ હોવાનું કારણ એ છે કે પૂજ્ય ગુરુદેવનો ઉપદેશ સૂક્ષ્મતાથી વિચારીને તેમના હૃદયમાં અતિ દૃઢ શ્રદ્ધા થઈ ગઈ છે કે આ શાસ્ત્રોમાં જ સાચી વસ્તુસ્થિતિનું નિરૂપણ છે અને તેમાં કહેલા માર્ગે ચાલવાથી જ આ દુઃખદ પરિભ્રમણનો અંત આવવાનો છે.

પૂજ્ય ગુરુદેવે મોક્ષનો સાચો માર્ગ બતાવી અકથ્ય ઉપકાર કર્યો હોવાથી બાપુજીને ગુરુદેવ પ્રત્યે અગાધ ભક્તિ ને અર્પણતા છે. કોઈ પણ બાબતમાં ગુરુદેવનું વલણ શું છે તે સહેજ પણ બાપુજીના જાણવામાં આવી જાય તો પછી બીજો કોઈ પણ વિકલ્પ કર્યા વિના ગુરુદેવના વલણને અક્ષરશઃ સાકાર કરવામાં જ તેઓ પોતાનું હિત સમજતા હતા અને બરાબર એ પ્રમાણે વર્તતા હતા. એક સિંહવૃત્તિવાળા પરીક્ષા-

પ્રધાન પુરુષની પોતાના ગુરુ પ્રત્યેની આવી અદ્‌ભુત અર્પણુતા ખરેખર આપણા સૌને માટે એક અનુકરણીય આદર્શ પૂરો પાડે છે.

બાપુજીને ગુરુદેવના વિરહનું ઘણું જ દુઃખ લાગ્યું છે. આજે પણ ગુરુદેવને યાદ કરતાં તેમની આંખોમાંથી પાણી ચાલ્યાં જાય છે. થોડા દિવસ પહેલાંનો એક પ્રસંગ હું ભૂલી શકતો નથીઃ—પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં દર્શનનો ચાર ચાર દિવસે વારો હોય છે તે વારાના દિવસે બાપુજી બહેનશ્રીના ઘરે તેમનાં દર્શન કરવા આવ્યા હતા. દર્શન કરીને બેઠા. તબિયતના સમાચાર પૂછીને બાપુજી ગંભીર થઈ ગયા ને બોલ્યા: 'બહેન! તમારી પાસે ગુરુદેવ આવે છે? આવે તો માત્ર તમારી પાસે જ આવે. સ્વપ્નામાં નહિ હો! સાક્ષાત્‌નું પૂછું છું.' બહેનશ્રી ઢીલા થઈને બોલ્યા: 'બાપુજી! આ કાળે સાક્ષાત્ તો ક્યાંથી આવે? એવાં ભાગ્ય પણ ક્યાં?' 'બહેન! એ તો હુંય જાણું છું. પણ મારાથી રહેવાતું નથી એટલે....' એમ બોલતાં બોલતાં બાપુજી ગળગળા થઈ ગયા, તેમના હોઠ ધ્રૂજવા લાગ્યા, તેમણે રૂમાલથી નાક સાફ કર્યું અને આંખમાંથી આંસુની ધારા નીકળી ગાલ પર ઊતરી. આ દૃશ્ય જોઈને, પાસે ઊભેલા મુમુક્ષુઓનાં હૃદય પણ દ્રવી ગયાં. સામાન્ય પ્રાણીની આંખમાંથી અશ્રુધારા વહે તે તો ઠીક, પણ જ્યારે સિંહની આંખમાંથી આંસુ પડે ત્યારે તેને કેટલું વેદન થતું હશે?

બાપુજીને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે પણ ઊંડી શ્રદ્ધા-ભક્તિ છે. વાત્સલ્ય પણ એટલું જ. 'બહેનશ્રીને હવે કેમ છે? અશક્તિ કેવીક છે?' એમ અવારનવાર પૂછ્યા જ કરે અને ભલામણ કરે કે 'મારા વતી કહેજો: ધીમે ધીમે એક–એક કોળિયો કરતાં ખોરાક વધારતાં જાય; ચાલવાનું પણ એક-એક ડગલું વધારતાં જાય. નહિ તો શક્તિ ક્યાંથી આવે? કેવાં નબળાં થઈ ગયાં છે!' આમ બાપુજીને બહેનશ્રી પ્રત્યે સહજ હૃદયગત વાત્સલ્ય છે.

જેમ બાપુજીને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે પૂરી ભક્તિ અને અર્પણુતા છે, તેમ પૂજ્ય ગુરુદેવની પણ બાપુજી પ્રત્યે અમીભરી કૃપાદૃષ્ટિ હતી. તેઓશ્રી વાત દરમ્યાન 'ભાઈ!' એવા વાત્સલ્યઝરતા મધુર શબ્દથી બાપુજીને સંબોધન કરતા. પ્રવચન દરમ્યાન પણ 'ભાઈ! અહીં આચાર્યદેવ આમ કહે છે' ઇત્યાદિ પ્રકારે ક્યારેક ક્યારેક બાપુજીને બોલાવે. કોઈ અનિવાર્ય કારણથી બાપુજી પ્રવચનમાં હાજરી ન આપી શક્યા હોય તો સભામાં કાંઈક ખૂટતું હોય એવું ગુરુદેવને લાગે અને 'ભાઈ આજે નથી આવ્યા' એમ યાદ કરે. રાત્રે તત્ત્વચર્ચામાં પણ બાપુજી ન આવ્યા હોય તો 'ભાઈ કેમ નથી આવ્યા?', 'તબિયત સારી નથી?', 'કેટલો તાવ છે?' એમ થોડી થોડી વારે જુદા જુદા શબ્દોમાં યાદ કરે; જરા ડોક ઊંચી કરીને રસ્તા ઉપર નજર પણ ફેંકે અને જો બાપુજી

આવતા દેખાય તો 'ભાઈ આવતા લાગે છે' એમ પ્રસન્નતાથી બોલે. થોડાં વર્ષ પહેલાં જ્યારે બાપુજી ઑપરેશન કરાવવા મુંબઈ જવાના હતા ત્યારે સવારના પ્રવચન પહેલાં ગુરુદેવે મને તેમના રૂમમાં બોલાવીને કહ્યું : 'આજે ભાઈ ઑપરેશન માટે મુંબઈ જાય છે, માટે આજ વ્યાખ્યાન પછી તેમના વિષે બે શબ્દ બોલજે.' આમ બાપુજી પર ગુરુદેવની ઘણી કૃપા હતી. બાપુજી પૂજ્ય ગુરુદેવના આવા કૃપાપાત્ર બન્યા તે તેમની આ જિંદગીની અમૂલ્ય કમાણી છે.

બાપુજીની ઊંડી ધર્મશ્રદ્ધા, ગુરુદેવ પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ-અર્પણતા તથા ગુરુદેવની તેમના પરની કૃપાદૃષ્ટિ—એ બાપુજીની જિંદગીની સર્વોત્તમ ઉપલબ્ધિઓ છે. તેના પ્રતાપે તેઓ શીઘ્ર અનંત-આનંદઝરતી શાશ્વત પૂર્ણ-આત્મોપલબ્ધિને વરો—એ જ આજના શુભ દિને આપણી મંગળ કામના છે.

અનેકવિધ પ્રતિભાસંપન્ન બાપુજી એક વિશાળ કબીરવડ છે, જેની શીતળ છાયામાં આપણે સૌ નિશ્ચિંતતાની ઠંડક અનુભવતા થકા આનંદ કરીએ છીએ. તે વડલો પોતાની ઘેરગંભીર પર્ણઘટાઓથી સુસમૃદ્ધ વર્તતો થકો સુદીર્ઘ કાળ પર્યંત આપણને તેની ઘાટી શીતળ છાયા અર્પ્યા કરો—એ જ અંતરની ભાવના. *

---

[ સંસ્થાના સુઘડ સુકાની........પાનું ૪૨થી ચાલુ ]

નહિ પણ સવા લાખ છપાવવા જેવું ઉત્તમ આ પુસ્તક છે.' બાપુજીને ગુરુદેવ પ્રત્યે તો પૂર્ણ અર્પણતા તથા અસાધારણ ભક્તિભાવ છે જ; સાથે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ ખૂબ જ આદરભાવ છે. સ્વાનુભૂતિપરિણત સત્પુરુષો પ્રતિ હૃદય ભક્તિપૂર્ણ આદરથી રંગાયેલું હોવું તે આત્માર્થિતાનું ખાસ લક્ષણ છે, જેનું બાપુજીના જીવનમાં ડગલે ને પગલે દર્શન થાય છે. અહા! ધન્ય છે બાપુજીને અને ધન્ય છે તેમના આત્માર્થિતાભર્યા આદર્શ જીવનને!!

પૂજ્ય ગુરુદેવ કહેતા : 'રામજીભાઈ મુમુક્ષુ સમાજના મસ્તકનો મણિ છે, સભાની શોભા છે, ગમે તે કામનો ઉકેલ લાવવાની તેમનામાં શક્તિ છે, ઝડપથી નિર્ણય લેવાની શક્તિ છે. સમાજને માથે રામજીભાઈ છે ત્યાં સુધી છત્ર છે; તે જશે ત્યારે લોકોને ખબર પડશે કે એમની હાજરીની કેટલી કિંમત હતી. એમની ગેરહાજરી લોકોને સાલશે. તેમની શ્રવણ અને તત્ત્વાભ્યાસની લગની—તેમના પરિણામ—જોતાં તેમની ગતિ દેવ સિવાય બીજી હોઈ શકે જ નહિ.'

અહા! પૂજ્ય ગુરુદેવની અનન્ય કૃપાના સત્પાત્ર, અધ્યાત્મરસસિક્તહૃદય, અભીક્ષ્ણ-જ્ઞાનપિપાસુ તેમ જ સંસ્થાના કુશળ નાવિક એવા પૂજ્ય બાપુજી શ્રી રામજીભાઈના ગુણોનું વર્ણન શું કરું? તેમના 'જન્મશતાબ્દિ-મહોત્સવ'ના આ મંગલ પ્રસંગે, તેઓશ્રી દીર્ઘ કાળ પર્યંત આપણને માર્ગદર્શનનો લાભ આપ્યા કરે એવી પ્રશસ્ત ભાવનાપૂર્વક તેમના અભિવાદ્ય ગુણોનું બહુમાન કરી, તેમના પ્રતિ મારો આદરભાવ સમર્પિત કરું છું.

# કર્મઠ પ્રતિભા: મુ. શ્રી રામજીભાઈ

—ડૉ. પ્રવીણભાઈ દોશી, રાજકોટ

સમગ્ર ભારતમાં અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસારનાર પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત તથા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સંસ્થાપક તેમ જ આજીવન અધ્યક્ષ માનનીય બાપુજી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી આપણા મુમુક્ષુ સમાજની એક ગૌરવપૂર્ણ પ્રતિભા છે.

તેઓ ગણનાપાત્ર ઉચ્ચ કોટિના ઍડ્વોકેટ તરીકે સુપ્રસિદ્ધ હતા. રાજકારણમાં પણ તેમની સલાહ કીમતી ગણાતી. રાજકારણની સલાહ આપવાને કારણે તેમને બે વાર જેલમાં જવું પડ્યું હતું. બહુમુખી પ્રતિષ્ઠા અને પ્રવૃત્તિ હોવા છતાં તેમના જીવનમાં ધર્મ પ્રત્યે આસ્થા અને પ્રેમ વણાયેલાં હતાં. શાસ્ત્રસ્વાધ્યાયનો સમય ગમે તેમ કરીને કાઢી લેતા.

મુ. શ્રી રામજીભાઈ અર્ધશતાબ્દિથી પણ અધિક સમય પૂજ્ય ગુરુદેવના પવિત્ર સમાગમમાં રહ્યા છે. ટ્રસ્ટના સુંદર સંચાલનની સાથે સાથે તેમણે તત્ત્વાભ્યાસ પણ ઊંડો કર્યો. 'મોક્ષશાસ્ત્ર' જેવા મહાકાય પુસ્તકનું અધ્યાત્મ શૈલીથી ભાવવાહી સંપાદન કર્યું. 'ધર્મની ક્રિયા' પુસ્તકનું સંપાદન કરીને, પૂજ્ય ગુરુદેવ ધર્મની ક્રિયા કોને કહે છે તે વાત અતિ સુંદર ઢબથી જગત સમક્ષ રજૂ કરી. તેઓશ્રી જ્ઞાનાર્જનમાં એટલા બધા વ્યસ્ત હોય છે કે પ્રમાદ તો તેમની પાસે ફરકી શકતો નથી. શરીરની અતિ વૃદ્ધ દશા હોવા છતાં પૂજ્ય ગુરુદેવના દરેક કાર્યક્રમમાં તેમની હાજરી અચૂક હોય જ. અત્યારે ૧૦૦ મા વર્ષમાં પ્રવેશ વખતે પણ—પૂજ્ય ગુરુદેવની અનુપસ્થિતિમાં પણ—દરેક કાર્યક્રમમાં પૂર્વવત્ ઉત્સાહથી હાજરી આપે. આવી અભીક્ષ્ણજ્ઞાનોપયોગી કર્મઠ વિરલ પ્રતિભા ખરેખર આ યુગમાં મળવી મુશ્કેલ છે.

પૂજ્ય ગુરુદેવે આપેલા જ્ઞાયકતત્ત્વના દિવ્ય બોધની બાપુજી પોતાના જીવનમાં વધુ ને વધુ ઉપલબ્ધિ કરે અને આપણને સૌને દીર્ઘ કાળ સુધી માર્ગદર્શન આપ્યા કરે—એવી ભાવના, હું તેઓશ્રીના 'જન્મશતાબ્દિ' મહોત્સવના આ મંગળ પ્રસંગે ભાવું છું.

—૦—

[ વજ્રથી પણ કઠણ અને......પાનું ૪૧થી ચાલુ ]

વદન નજીક દેખાય છે, કારણ કે તે વિના જ્ઞાનીનો આવો અસાધારણ વિશ્વાસ સંપાદિત થઈ શકે જ નહિ.

સંસ્થાને આવા સુકાની મળ્યા છે તે સંસ્થાનાં પણ મહાન ભાગ્ય છે. ગમે તેવાં ઝંઝાવાતી આક્રમણો સામે આ જઈફ ઉંમરે પણ એકાકીપણે અડગ ઊભા રહી તેનો સામનો કરવાની તેમનામાં કોઈ ગજબની શક્તિ છે. સંસ્થા તેમના હાથમાં સલામત છે. તેઓ દીર્ઘાયુ હો અને સંસ્થાને માર્ગદર્શન આપ્યા કરો એ જ ભાવના.

# વજ્રથી પણ કઠણ અને પુષ્પથી પણ કોમળ

—વ્રજલાલ જેઠાલાલ શાહ, સોનગઢ

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥

પૂજ્ય બાપુજીનું અનેકરંગી વ્યક્તિત્વ ઉપરના શ્લોકને ચરિતાર્થ કરે છે. ઘણા તેમને લોહપુરુષ કહે છે પણ તે કથન એકપક્ષીય છે. બાપુજી વજ્ર જેવા કઠોર ભલે દેખાતા હોય પણ તેમનામાં પુષ્પ જેવું કોમળ હૃદય ધબકે છે. મને તેમની આવી હૂંફાળી વાત્સલ્યભરી કોમળતાનો અનુભવ ઘણી વાર થયો છે; અને તે વખતે મને સાનંદ આશ્ચર્ય થયું છે કે આવા લોખંડી આવરણ નીચે આવું પુષ્પકોમળ હૃદય છુપાયેલું પડ્યું છે!

પૂ. બાપુજી માટે શું લખું અને શું ન લખું તે જ સમજાતું નથી. વિચાર કરું છું તો અરધી સદી જેટલો ભૂતકાળ નજર સમક્ષ તરવરે છે અને તેમાં અનેક પ્રસંગોના ચિત્રો આંતરચક્ષુ સમક્ષ ખડાં થાય છે. તેમની અસાધારણ બુદ્ધિ, અદ્‌ભુત તર્કશક્તિ, સામાને માત કરવાની આશ્ચર્યકારી નીડરતા અને હિંમત, સાંસારિક કે ધાર્મિક, સંસ્થાગત કે વ્યક્તિગત અનેક પ્રકારની ગૂંચો ઉકેલવાની અદ્‌ભુત કળા, અને સૌમાં મોખરે રહેતી પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેની અનન્યભક્તિ તથા સંપૂર્ણ અર્પણતા–આ બધી વિશિષ્ટતાઓ દર્શાવતા અનેક પ્રસંગોનો—જેમાંના કેટલાક તેઓશ્રીના સ્વમુખેથી સાંભળેલા, કેટલાક નજરે જોયેલા અને કેટલાક જાતે અનુભવેલા છે તેમનો—એટલો મોટો ભંડાર મારી પાસે છે કે તે બધાને લખવા બેસું તો એક પુસ્તક ભરાય; કારણ કે પૂ. બાપુજીનો મને લગભગ અરધી સદી જેટલા દીર્ઘ કાળનો ઘનિષ્ઠ પરિચય છે. તેથી એ બધું લખવાનો મોહ છોડી તેમની એક બે વિશિષ્ટતાઓ કે જેનાથી હું ખૂબ જ પ્રભાવિત થયો છું તે જ આ નીચે દર્શાવી સંતોષ માનીશ.

જ્ઞાની પ્રત્યેની ભક્તિ—કે જેને શ્રીમદે કેવળનું બીજ કહ્યું છે તે—કેવી હોય એ જોવું અને જાણવું હોય તો બાપુજીની પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેની અનન્ય ભક્તિ જોવી જોઈએ. પોતાની આટલી તીવ્ર બુદ્ધિપ્રતિભા અને લૌકિક ડહાપણ હોવા છતાં કોઈ પણ બાબતમાં તેનો ઉપયોગ તેમણે પૂ. ગુરુદેવશ્રી સમક્ષ કર્યો નથી. તેમણે પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞા કાયમને માટે શિરોમાન્ય ગણી છે. કોઈ પણ જાતની દલીલમાં ઊતર્યા વિના પૂ. ગુરુદેવશ્રીની હાએ હા અને નાએ ના જ કહી છે. પોતાને કદાચ શારીરિક દૃષ્ટિએ કે બીજી કોઈ રીતે પ્રતિકૂળતા હોય તોપણ પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞા તેમણે માથે ચડાવી છે. તેનાં એક બે ઉદાહરણ આ નીચે ઉતારું તો અસ્થાને નહિ ગણાય.

પૂ. બાપુજીએ પોતાની લગભગ પોણોસો વર્ષની ઉંમરે સંસ્થાના પ્રમુખપદેથી નિવૃત્તિ લીધી અને શ્રી નવનીતલાલભાઈ ઝવેરી સંસ્થાના પ્રમુખ થયા. સંવત ૨૦૩૩ ની સાલમાં શ્રી નવનીતભાઈનો સ્વર્ગવાસ થયો. તે વખતે હું પૂ. ગુરુદેવશ્રી પાસે દર્શન કરવા ગયો ત્યારે તેઓશ્રી બોલ્યા કે “ નવનીતભાઈ ગયા; હવે વળી સંસ્થાએ નવા પ્રમુખ શોધવા પડશે. ” થોડી ક્ષણો અટકીને ફરી બોલ્યા કે “ નવનીતભાઈ નહોતા ત્યારે રામજીભાઈ જ બધું કામ કરતા ’તા ને ! ” આ કથનમાં રહેલું આડકતરું સૂચન હું સમજી ગયો. પૂ. બાપુજીને આ વાત કરી. તેઓ બોલી ઊઠ્યા : “ પંચોતેર વરસે હું નિવૃત્ત થયો, હવે પાછા પંચાણું વરસે મારા ગળામાં ધોંસરું નાખવું છે ? ” મેં કહ્યું : “ હું ક્યાં કાંઈ કહું છું. મેં તો પૂ. ગુરુદેવશ્રીના શબ્દો આપને કાને નાખ્યા; શું કરવું તે આપને જોવાનું છે. ” બાપુજી બોલ્યા : “ આખી જિંદગી મેં પૂ. ગુરુદેવની આજ્ઞા માથે ચડાવી છે. મારો પોતાનો ગમો–અણગમો કદી જોયો નથી. હવે જીવનની સંધ્યાએ હું તેમાં અપવાદ કરવા માગતો નથી. ” અને મારા આશ્ચર્ય વચ્ચે તેઓશ્રીએ સંસ્થાનું સુકાન સંભાળી લીધું અને તે ભાર આજ સુધી વહ્યા જ કરે છે; ફક્ત પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞાને અનુકૂળ થવા માટે જ. ધન્ય છે તેમની ગુરુભક્તિને !

આવો જ બીજો એક પ્રસંગ હમણાં જ બન્યો. કાંઈક વાત નીકળતાં પૂ. બાપુજીએ મને પૂછ્યું કે ‘ બહેનશ્રીનાં વચનામૃત ’ની કેટલી નકલો છપાણી છે ? મેં કહ્યું કે “ આજ સુધીમાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને કન્નડ થઈને લગભગ છયાસી હજાર છપાણી હશે એવો મને ખ્યાલ છે ”. તેઓશ્રીએ કહ્યું કે “ ગુરુદેવે મને એક લાખ નકલ છપાવવાની આજ્ઞા કરી હતી. મારે તે પૂરી કરવી જ જોઈએ. ગમે તેમ કરીને બાકીની ચૌદ હજાર નકલ છપાય એવું કાંઈક કરો. મને અંદરમાં ઊંડી ખટક રહ્યા કરે છે. ગુરુદેવની ગેરહાજરીમાં હું તેમણે મને સોંપેલું કાર્ય સંપૂર્ણપણે પૂરું ન કરી શકું તેનું મને ઊંડું દુઃખ રહ્યા કરે છે ”. આ શબ્દો બોલતાં બોલતાં તેઓ ગળગળા થઈ ગયા અને તે પાવન દૃશ્ય હું જોઈ રહ્યો. મને થયું કે “ વાહ ગુરુ, વાહ શિષ્ય ! ” ગુરુ-શિષ્યની આવી અનુપમ જોડીનો જગમાં જોટો જડવો મુશ્કેલ છે.

પૂ. ગુરુદેવશ્રીને પણ બાપુજીમાં અનહદ વિશ્વાસ હતો. બાપુજી જે કરે તે વિચારપૂર્વક અને સંસ્થાના હિતમાં જ હોય એવો પૂ. ગુરુદેવશ્રીને દૃઢ વિશ્વાસ હતો. એવા અનેક પ્રસંગો મેં નજરે જોયા છે જેમાં પૂ. ગુરુદેવશ્રીએ બાપુજીમાં આવો અપાર વિશ્વાસ વ્યક્ત કર્યો હોય. તે વખતે એમ થઈ જતું કે જ્ઞાની મહાત્માઓની આવી કૃપા સંપાદન કરવી તે જીવનનું એક મહાભાગ્ય છે. કોઈ પણ પ્રશ્ન કે કોઈ પણ વાત કરીને જઈએ ત્યારે પૂ. ગુરુદેવશ્રી કહેતા કે “ મારું કામ નહિ, ભાઈને પૂછો ”. તે વખતે મને વિચાર આવતો કે બાપુજીના સંસારનો કિનારો હવે

[ અનુસંધાન પાનું ૩૯ ]

# સંસ્થાના સુઘડ સુકાની : બાપુજી રામજીભાઈ

—બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા

અધ્યાત્મવિદ્યાયુગપ્રવર્તક સ્વાનુભવી સંત પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીએ લગભગ અર્ધ સૈકા જેટલા સુદીર્ઘ કાળ સુધી જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન વીતરાગમાર્ગનો બોધ આપ્યો તેના શ્રવણનો અમૂલ્ય લાભ લેનાર શ્રોતારત્નોમાં માનનીય મુરબ્બી બાપુજી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીનું એક વિશિષ્ટ સ્થાન છે. શતાબ્દિના આરે પહોંચેલી શરીરની વૃદ્ધાવસ્થામાં પણ તેઓશ્રીનું જ્ઞાનાર્જનનું ખમીર યુવાનોને શરમાવી દે છે. દેવપૂજા, પૂજ્ય ગુરુદેવના પ્રવચન, તત્ત્વચર્ચા વગેરે એકેએક કાર્યક્રમમાં પ્રારંભથી જ નિયમિત હાજરી, પોતાનો સ્વાધ્યાય તથા ત્રણ વાર મુમુક્ષુ ભાઈઓ સાથે વાંચન તે એમનો દૈનિક નિત્ય ક્રમ હતો.

બાપુજી સૌરાષ્ટ્રના ખ્યાતનામ બાહોશ એડ્વોકેટ હતા. વકીલાતના વ્યવસાયમાં ખૂબ જ પ્રમાણિક હતા. આર્થિક લાભનું જરા પણ પ્રલોભન રાખ્યા વિના અસીલોને હંમેશાં સાચું જ માર્ગદર્શન આપતા. કેસોનો અતિ ચીવટથી અભ્યાસ કરતા, પરિણામે લગભગ બધા કેસોમાં તેમના અસીલોનો વિજય થતો. રાજકારણમાં પણ તેમની બુદ્ધિપ્રતિભાનું સારું માન હતું. શ્રી ઢેબરભાઈ વગેરે દેશસેવકો દેશકારણની—રાજકારણની જટિલ સમસ્યાઓનો ઉકેલ બાપુજી પાસેથી પ્રાપ્ત કરતા હતા. બહારની આવી પ્રવૃત્તિ વખતે પણ તેમના જીવનમાં અધ્યાત્મરુચિની પ્રધાનતા વર્તતી હતી.

પૂજ્ય ગુરુદેવ કહેતા : ‘રામજીભાઈને તત્ત્વની રુચિ ઘણી છે. આટલી ઉંમરે પણ સાંભળવામાં કેટલું ધ્યાન રાખે છે! તેમનું વાંચન તથા ધારણા ઘણી સારી છે. કયા શાસ્ત્રમાં કઈ વાત કયે ઠેકાણે આવી છે તે તરત કહી દે એવી એમની સ્મરણશક્તિ છે. સંસ્થાનું પણ કેટલું ધ્યાન રાખે છે! સમાજનાં ભાગ્ય છે કે—રામજીભાઈ જેવા પ્રમુખ મળ્યા છે.’

બાપુજી પણ ઘણી વાર કહે છે: ‘પૂજ્ય ગુરુદેવની મારા ઉપર ઘણી જ કૃપાદૃષ્ટિ હતી. ગુરુદેવે જ મને આત્મજ્ઞાન આપ્યું છે. ગુરુદેવનો મારા પર ઘણો ઉપકાર છે. ગુરુદેવની ભાવના અને આજ્ઞા મેં સદા શિરોધાર્ય ગણી છે. મને ગુરુદેવનો સાથ છે. ભવિષ્યમાં ગુરુદેવ જ્યારે તીર્થંકર થશે ત્યારે તેમની સભામાં મારું સ્થાન હશે–એવો મને પૂર્ણ વિશ્વાસ છે.’

અહા, શી બાપુજીની ગુરુભક્તિ! અને શી ગુરુદેવ પ્રત્યે તેમની સર્વાર્પણતા! ગુરુદેવની ઇચ્છાનુસાર સદા વર્તવાનું; તે સામે ન કદી વિકલ્પ કે ન કદી વિતર્ક! પૂજ્ય ગુરુદેવે ‘બહેનશ્રીનાં વચનામૃત’ પુસ્તક વિષે જ્યારે બાપુજીને કહ્યું : ‘ભાઈ! આ પુસ્તક લાખ છપાવો’, ત્યારે બાપુજીએ અત્યંત પ્રસન્નતાપૂર્વક જવાબ આપ્યો : ‘લાખ

[ અનુસંધાન પાનું ૩૮ ]

# મહાન શ્રુતોપાસક જ્ઞાનવૃદ્ધ વિદ્વાન શ્રી રામજીભાઈ

—બ્ર. પં. શ્રી જગન્મોહનલાલજી શાસ્ત્રી, કટની (મ. પ્ર.)

શ્રીમાન્ રામજીભાઈ સે મેરા પરિચય તબ ૧–૨ બાર હુઆ હૈ, જબ મૈં સોનગઢ ગયા હૂં! અન્તિમ મુલાકાત સોનગઢ પંચકલ્યાણક કે સમય હુઈ થી! કુછ વિદ્વાન ઉનસે મિલને ઉનકે સ્થાન પર ગયે થે. મૈં ભી ઉનમેં એક થા! પૈરોં સે થક જાને કે કારણ ઉનકા આના-જાના નહીં બનતા થા। ઈસી તકલીફ સે વે કુર્સી પર તો પૈર લટકાકર બૈઠ સકતે થે, પર જમીન પર પાલથી મારકર નહીં બૈઠ પાતે થે।

હમ લોગ જબ ઉનકે સ્થાન પર ગયે તો જમીન પર ફર્શ બિછા દિયા ગયા થા, સબ લોગ બૈઠ ગયે! ઉન્હોંને સર્વપ્રથમ અપની શારીરિક વિવશતા કે કારણ જમીન પર ન બૈઠ સકને કે કારણ ક્ષમાયાચના કી। ઉનકા મસ્તિષ્ક બિલકુલ સ્વસ્થ રૂપસે કામ કર રહા થા। અનેક પ્રશ્ન વિદ્વાનોંને ઉનકે સામને પ્રસ્તુત કિયે જિનકે સપ્રમાણ ઉત્તર દેકર ઉન્હોંને સન્તોષિત કિયા. અપને ઉત્તરકે પ્રમાણ ઉપસ્થિત કરતે હુએ ઉન્હેં કોઈ ઉલઝન ન થી। તત્કાલ ગ્રન્થકા નામ, અધ્યાય, પ્રકરણ ઔર પેજ નમ્બર ઉનકી જિન્હા પર નાચા કરતા થા. ઉનકી સર્વાર્થપ્રવેશિની પ્રજ્ઞા કો દેખકર સભી આશ્ચર્ય ચકિત થે। ઉનકી વાણીસે ઉનકી જિનાગમકે પ્રતિ અગાધ શ્રદ્ધા કે દર્શન હોતે થે। પ્રશ્નોં કે ઉનકે હૃદયસ્પર્શી ઉત્તર સામને વાલે (પ્રાશ્નિક) વિદ્વાન કે હૃદય કો ચકિત કરતે થે।

દિગમ્બર જૈન ધર્મ કે પરમ શ્રદ્ધાની મહાન્ શ્રુતોપાષક વયોવૃદ્ધ જ્ઞાનવૃદ્ધ વિદ્વાન શ્રી રામજીભાઈ કે ૧૦૦ વેં વર્ષ મેં પ્રવેશ કે પુણ્યાવસર પર મૈં ઉન્હેં બધાઈ દેતા હૂં ઔર યહ કામના કરતા હૂઁ કિ વે અપની પરિપૂર્ણ આયુ તક ઈસી પ્રકાર જિનાગમ કા અભ્યાસ, અનુસંધાન પ્રભાવના કરતે હુએ ઉત્તમ સમાધિ પૂર્વક જીવન સફલ કરેં!

❋ ❋ ❋

# સોનગઢ કી વિભૂતિ ચિરાયુ હો

—સિદ્ધાંતાચાર્ય પં. કૈલાશચંદ્રજી શાસ્ત્રી, વારાણસી (ઉ. પ્ર.)

આદરણીય શ્રી રામજીભાઈ માણેકચન્દજી દોશી અપની આયુકે ૧૦૦ વેં વર્ષમેં પ્રવેશ કર રહે હૈ-યહ જાનકર પરમ પ્રસન્નતા હુઈ! મૈં સ્વ. સ્વામીજીકે પશ્ચાત ઉન્હીંકા સ્થાન માનતા હૂં। વે રાત-દિન તત્ત્વ-ચિન્તનમેં મગ્ન રહતે હૈં। વસ્તુસ્વરૂપકો ઉન્હોંને હૃદયંગમ કિયા હૈ। સ્વ. સ્વામીજીકે વે અનન્ય ભક્ત રહે હૈં। ઉનકે પ્રવચનોંમેં ઉનકા સ્થાન સર્વોપરિ રહતા થા. ઉન્હોંને તત્ત્વાર્થસૂત્રકી વિસ્તૃત ટીકા લિખકર જિનવાણીકી ઉલ્લેખનીય સેવા કી હૈ। મૈં ઉનકે પ્રતિ અપના સાદર પ્રમોદભાવ વ્યક્ત કરતા હૂં. સોનગઢકી યહ વિભૂતિ-ચિરાયુ હો।

# પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત : શ્રી રામજીભાઈ

—બાબુભાઈ ચુનીલાલ મહેતા, ફતેપુર

અત્યન્ત આનંદ થાય છે કે દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢના આજીવન પ્રમુખ, પ્રસિદ્ધ વિદ્વદ્વર્ય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી ૧૦૦ મા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે........વર્તમાનકાળમાં સમસ્ત જૈન સમાજ તથા દિગમ્બર જૈનશાસનની પ્રભાવનામાં વર્તમાનમાં સકલ અધ્યાત્મ જગત પર અધ્યાત્મ યુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીનો મહાન-મહાન ઉપકાર તો છે જ, પરન્તુ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીનો પણ પ્રભાવનામાં બહુમૂલ્ય યોગદાન છે, જેને ભૂલી નહિ શકાય.

જિનાગમરહસ્ય ઉદ્‌ઘાટક પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા ૪૫ વર્ષોથી જે અધ્યાત્મગંગા વહી છે, એને 'આત્મધર્મ' પત્રિકાના મુખ્ય સમ્પાદક રહીને નિયમિત પ્રગટ કરીને મુમુક્ષુ તત્ત્વપ્રેમી સમાજ સુધી પહોંચાડીને આપે અનેક ભવ્યજનોના હૃદય પરિવર્તન કર્યા છે. તથા પ્રૌઢ શિક્ષણ વર્ગ તથા બાળકોના શિક્ષણ વર્ગમાં ધર્મશિક્ષા આપીને નવા વિદ્વાનો પર તથા તત્ત્વાર્થસૂત્ર આદિ અનેક ગ્રન્થોની ટીકા ને અનુવાદ કરીને નિઃસ્વાર્થ સાહિત્ય સેવા દ્વારા વિદ્વદ્વર્ય શ્રી રામજીભાઈએ મુમુક્ષુ તત્ત્વપ્રેમી સમાજ પર ઉપકાર કર્યો છે—આ સુસ્મરણીય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ પ્રવચનસભારૂપી ધર્મદરબારના અનેક રત્નોમાંથી આપ એક ધર્મરત્ન રહ્યા છો. લૌકિક ધારાશાસ્ત્રી—વકીલ પણ રહ્યા. આપ 'ધોળે દિવસે તારા દેખાડતા હતા'—એવી વકીલાત છોડીને, ભેદજ્ઞાન તથા વીતરાગદશા થવામાં કારણભૂત પૂજ્યશ્રી સ્વામીજીની આધ્યાત્મિક વાણી સાંભળીને—નિર્ણય કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના ચુસ્ત અનુયાયી બનીને સર્વજ્ઞની કોર્ટના સિદ્ધાન્તોના પ્રખર ધારાશાસ્ત્રી બન્યા, રહ્યા ને છો.

પૂજ્ય ગુરુદેવશ્રીની સમીપ રહીને સત્સમાગમમાં નિજ આત્માના હિતના લક્ષ્યથી આગમોનો સ્વાધ્યાય સૂક્ષ્મપણે કર્યો તથા પ્રતિદિન બે વાર આજે પણ સ્વાધ્યાય -શાસ્ત્ર-વાંચન કરો છો. આપ સારા અધ્યાત્મ પ્રવકતા, ઊંડા અભ્યાસી, સરસ સૂઝબૂઝ તીક્ષ્ણ ક્ષયોપશમી, વિશેષ અસાધારણ ધારણાવાળા છો. સૂક્ષ્મ તત્ત્વની પકડ દૂરદર્શિતા, અન્તર્બાહ્ય વિચક્ષણતાના ધણી તથા મુમુક્ષુ ધર્મનેતા છો.

કહેવાય છે કે જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ પરિવર્તન કર્યું ત્યારે એમની પાસે સૌરાષ્ટ્રથી બે સિંહ આવ્યા હતા : (૧) શ્રી રામજી માણેકચંદ દોશી (૨) શ્રી નાનાલાલ કાળીદાસ જસાણી. ખરેખર આ ચૈતન્યસિંહે "અનન્ત-ધર્માત્મક ભગવાન આત્માના આશ્રયથી જ ધર્મ થાય છે. રાગથી ધર્મ નહીં"—પૂજ્ય ગુરુદેવની આ વાણી સમજી

અને ગુરુદેવશ્રી દ્વારા લહેરાયેલા ઝંડાને આજ સુધી લહેરાવામાં યોગદાન આપી રહ્યા છો તથા માર્ગમાં અડગ ઊભા છો.

આપનું જીવન અત્યંત સાદુ, સરલ, સીધા, સદાચારી, સ્વચ્છ, પ્રામાણિક, લૌકિક તથા લોકોત્તર નીતિમય આદર્શ તથા પ્રેરણાદાયક છે. નિત્ય નિયમિતરૂપે આજે પણ પર આવશ્યક કાર્યમાં રત રહો છો. મુખ્યપણે સ્વાધ્યાય જ છે જીવન જેમનું—એવા શ્રી રામજીભાઈ આજે પણ પ્રવચન સાંભળવું, વાંચવું, વિચારવું આદિ આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રત છે.

આપ કોઈના વિરોધી નથી તથા વિરુદ્ધ વિચારધારાવાળાના પણ સન્માનનીય છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય દાસાનુદાસ ભક્ત છો.

લગભગ ૨૦ વર્ષ પહેલાં ભારતવર્ષીય દિગમ્બર જૈન તીર્થક્ષેત્ર કમીટીના ઇન્દૌર અધિવેશનના સમયે સૌથી પહેલાં એક કરોડના ધ્રુવફંડની પ્રેરણા આપીને તથા અન્તરીક્ષ પાર્શ્વનાથ શિરપુર, મકસી, ગિરનારજી આદિ દિગમ્બર જૈન ક્ષેત્રોની સુરક્ષા સંબંધી માર્ગદર્શન અને ઉચિત કાનૂની સલાહ દ્વારા તથા કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થ સુરક્ષા ટ્રસ્ટના માનદ્ આદ્ય સંરક્ષક તથા યોગ્ય સલાહકારના રૂપમાં માર્ગદર્શન આપીને આપે આપનો ઉત્કટ તીર્થસુરક્ષાપ્રેમનો પરિચય આપ્યો.

શાશ્વત નિજશુદ્ધાત્માના આશ્રયથી આપ મંગળમય સ્વાત્માનુભૂતિની પ્રાપ્તિ, વૃદ્ધિ તથા પૂર્ણતાને પ્રાપ્ત હો—એવી મંગળ કામના કરું છું. * *

## લૌહપુરુષ : શ્રી રામજીભાઈ

**—શ્રી ભગતરામજી જૈન મંત્રી, અ. ભા. દિ. જૈન પરિષદ, દિલ્હી**

—xxx મૈંને દેખા હૈ કિ સરદાર વલ્લભભાઈ પટેલકી ભાંતિ 'રામજીભાઈ ભી લૌહપુરુષ' હૈ. ઉન્હોંને જિસ દૃઢતા કે સાથ પૂજ્ય કાનજીસ્વામી કે વિચારોં કે પ્રચાર–પ્રસાર કા કાર્ય કિયા હૈ, ઉસકે લિયે વે સદા સ્મરણીય રહેંગે. મુજે જ્ઞાત હૈ કિ જિસ સમય સ્વ. સાહૂ શાંતિપ્રસાદજીને આદરણીય રામજીભાઈ સે તીર્થોંકી રક્ષા કે કાર્યોંમેં સહયોગ દેનેકે લિયે કહા, તબ શ્રી રામજીભાઈને કહા થા :—

સાહૂજી! ચન્દ લાખોંકી ધનરાશિ સે કામ ચલને વાલા નહીં હૈ। કમ સે કમ એક કરોડ રુપયોંકા ફન્ડ હોના હી ચાહિયે।" ઉનકી ઇસ બાત પર આજ દિગમ્બર જૈન સમાજ મેં દો સંસ્થાઓને એક-એક કરોડ કી ધનરાશિ એકત્રિત કી. ઇસકા શ્રેય રામજીભાઈ કો ભી જાતા હૈ; કયોંકિ ઉન્હોંને વિશાલ દૃષ્ટિકોણ દિયા, પ્રેરક બને ઔર ઉનકા આશીર્વાદ વ પ્રોત્સાહન સમય સમય પર મિલતા રહા। ઉનકી છત્રછાયા સમાજ પર બની રહે, ઇસ ભાવના કે સાથ ઉનકે શતાબ્દિ સમારોહ પર અપની શ્રદ્ધા કે સુમન ઉપસ્થિત કરતા હૂં ।

# આપણી સંસ્થાનું ગૌરવ : શ્રી રામજીભાઈ

—ખીમચંદભાઈ જેઠાલાલ શેઠ, રાજકોટ

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત હોવા છતાં પણ જેમને પૂજ્ય ગુરુદેવશ્રી હંમેશા "ભાઈ" કહીને સમ્બોધિત કરતા હતા એવા આદરણીય શ્રી રામજીભાઈ આ ભાદરવા સુદ ૪ ના વર્તમાન દેહની અપેક્ષાથી ૧૦૦ મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. એમનો શતાબ્દિ જન્મોત્સવ મુમુક્ષુ સમાજ અત્યંત આનંદથી ઉજવી રહ્યો છે.

તેઓ 'શત્' શબ્દમાં પ્રવેશ કરે છે, પરન્તુ જલ્દીથી અલ્પભવોમાં પોતાના પ્રચંડ પુરુષાર્થ દ્વારા પરમાર્થરૂપ સત્ ચિત્–આનંદ [ અખંડ–અસ્તિત્વ,–અખંડ-જ્ઞાન, અખંડ–આનંદ ] સ્વભાવી આત્માનું આલમ્બન લઈને નિત્યસત્ સ્વભાવી પંચમગતિને પ્રાપ્ત કરે–એવી મંગલ કામના કરું છું; તથા શત્–શત્ અભિનંદન આપું છું.

આપે જિનેન્દ્ર શાસનની તથા પૂજ્ય ગુરુદેવશ્રીની અનેક વર્ષો સુધી અનુપમ સેવા કરી છે. તથા સત્ શાસ્ત્રોનું સંપાદન કર્યું છે, એના પર પ્રવચનો કર્યા છે. સત્ સાહિત્ય આદિમાં અમૂલ્ય સલાહ તથા સહયોગ આપ્યો છે. ઘણાં વર્ષોથી સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તથા રાજકોટ સંઘના પ્રમુખપદ પર રહીને કુશલ સંચાલન કરી રહ્યા છે. સોનગઢમાં પ્રતિ વર્ષ શિક્ષણ શિબિરમાં શિક્ષણ આપીને અનેક મુમુક્ષુઓને માર્ગદર્શન આપ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રી સાથે અનેક તીર્થધામોની પવિત્ર યાત્રા કરી છે. અનેક પંચકલ્યાણક મહોત્સવોમાં પ્રસંશનીય સહયોગ આપ્યો છે. આત્મધર્મના સમ્પાદક રહીને ખૂબ પ્રગતી કરી છે. રાજકોટની અનેક ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓની અમૂલ્ય સેવા કરી છે.

એક કુશાગ્ર બુદ્ધિવાળા પ્રસિદ્ધ વકીલના રૂપમાં કોર્ટમાં ખૂબ યશ મેળવ્યો છે. આપ સિદ્ધાન્તનિષ્ઠ, સત્યપ્રેમી, પ્રમાણિક, નિડર, સ્પષ્ટવક્તા, નિષ્પક્ષ તથા સદ્ધર્મપ્રેમી છો. વયોવૃદ્ધ હોવા છતાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન તથા તત્ત્વચર્ચામાં હંમેશા નિયમિત હાજર રહેતા હતા. એવી જ રીતે ઘરમાં પણ નિત્ય સ્વાધ્યાય કરો છો. આવી રીતે આપે અમને બધાને અનુકરણ કરવા યોગ્ય ઉદાહરણ પૂરું પાડ્યું છે. આપ ગુરુદેવશ્રીનો ભવતાપનાશક આત્મહિતકારી બૌદ્ધામૃત પાન કરીને તદનુસાર આચરણ કરવાવાળા છો.

ભાગ્યથી તેઓનું નામ તો છે 'રામ' પરંતુ આપ છો શુદ્ધનિશ્ચયથી જ્ઞાયક-સ્વભાવી 'આત્મારામ' તથા તેનું લક્ષ કરીને આપને મળે અંતરમાં પૂર્ણ 'આરામ' તથા વિકાર પામે સર્વથા 'વિરામ'–એવી હાર્દિક ભાવનાપૂર્વક આપને અતિ વિનયભાવથી શ્રદ્ધાસુમન સમર્પિત કરું છું તથા અલ્પકાળમાં આત્માનુભવના આનંદને પ્રાપ્ત કરો એવી ભાવના ભાવું છું.

# ❋ લોહ-પુરુષ : પૂજ્ય બાપુજી ❋

—શ્રી નેમીચંદજી પાટણી, આગરા

મને સોનગઢ તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આવ્યા ૩૭ વર્ષ પૂરા થઈ ગયા છે. જ્યારે હું પહેલીવાર સન્ ૧૯૬૪ માં સોનગઢ ગયો હતો, ત્યારે પૂજ્ય બાપુજીના દર્શન નહોતા થયા. તેઓ રાજકોટ હતા. અતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી બાપુજીનો પૂર્ણ ઈતિહાસ તથા વર્તમાનની અર્પણુતા આદિના સમાચાર જાણીને એમને મળવાની ખૂબ જ ઇચ્છા થઈ હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તન બાદ શ્રી રામજીભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીનો સમાગમ પ્રાપ્ત કરીને પોતાની દૃષ્ટિ પરિવર્તન કરી લીધી. ત્યાર બાદ જ્યારે સ્વામીજીનો સૌરાષ્ટ્રમાં વિહાર થયો તો સ્થાનકવાસી સમાજે જે કાંઈ ઉપસર્ગ કર્યા એને શ્રી રામજીભાઈએ એકલાએ પોતાની હિંમતથી 'લોહ–પુરુષ'ની જેમ સામનો કર્યો તથા પૂર્ણ સફળતા સાથે પૂજ્ય સ્વામીજીનો વિહાર કરાવ્યો.

ભારતદેશ જ્યારે સન્ ૧૯૪૭ માં સ્વતંત્ર થયો, તે સમયે શ્રી રામજીભાઈને દેશના ઉચ્ચ સ્તરના નેતાઓ દ્વારા અનેક પ્રકારની સત્તા માટે પ્રલોભન મળ્યા. તે દેશના મુખ્યમંત્રી બનાવવા અથવા ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ જેવા પદો માટે ખૂબ જ દબાણ કર્યું. પરન્તુ તેઓ પૂજ્ય સ્વામીજી પાસેથી યથાર્થ માર્ગ સમજી લીધો હતો, રુચિ બદલાઈ ગઈ હતી. અતઃ 'લોહ-પુરુષ'ની જેમ કોઈ પ્રલોભનનો સ્વીકાર ન કર્યો તથા પૂજ્ય સ્વામીજી સમીપ રહેવાનો નિર્ણય કરી સોનગઢમાં રહેવા લાગ્યા.

સોનગઢમાં જ્યારે સં. ૨૦૦૩ માં વિદ્વત્પરિષદનું અધિવેશન બોલાવ્યું તથા ભારતભરના દિગમ્બર સમાજના ઉચ્ચાતિઉચ્ચ કોટિના ૩૨ વિદ્વાન આવ્યા, ચર્ચા વાર્તા સમયે થોડા વિદ્વાનો સાથે વિચાર વિભિન્નતા થવાથી ચર્ચાના સમયે શ્રી રામજીભાઈ લોહપુરુષની જેમ દૃઢતા સાથે પોતાના વિષયને નિર્ભિકતાથી સિદ્ધ કરી બતાવતા હતા.

વિ. સં. ૨૦૧૩ માં પૂજ્ય ગુરુદેવશ્રીએ જ્યારે તીર્થરાજ સમ્મેદશિખરજીની સસંઘ યાત્રા કરવાનો નિર્ણય કર્યો; તે સમયે ૮ મોટરબસો તથા ૫૩ મોટરકારો દ્વારા ૬૫૦ યાત્રિઓ સાથે મુંબઈથી યાત્રા કરવાની વ્યવસ્થા કરી. તે સંઘના અધ્યક્ષ શ્રી રામજીભાઈ હતા તથા સંચાલક હું હતો. શરૂઆતમાં જ બસો સમય પર મુંબઈ ન પહોંચી તથા પૂજ્ય ગુરુદેવશ્રી તો નિયત સમય પર પ્રસ્થાન કરવાની તૈયારીમાં તો હતા જ.

આ કાર્યમાં મારો પણ પહેલો જ પ્રસંગ હતો. ગભરાટ થવી સ્વાભાવિક હતી. મેં શ્રી બાપુજીને ગભરાટથી પૂછ્યું, તેઓએ જવાબ આપ્યો કે ગભરાઓ નહિ, હિંમત રાખો. સંઘમાં ઘોષણા કરી દ્યો કે બધા યાત્રિઓ રેલ, બસ, ટેક્સી તથા કોઈ પણ અંગત સાધન દ્વારા પહેલી યાત્રા 'ગજપંથાજી' પર પહોંચી જાય, જે પણ ખર્ચ થશે તે બધો સંઘ તરફથી યાત્રિઓને મળી જશે. આવી રીતે યાત્રા દરમિયાન બીજા પણ ઘણા પ્રસંગ બન્યા. એમાં બાપુજીની હિંમત દૂરદર્શિતા અનુકરણીય હતી. તેઓ લોહપુરુષની જેમ પરિસ્થિતિઓનો સામનો કરતા રહ્યા, ગભરાતા ન હતા.

તીર્થરાજ સમ્મેદશિખર પર શાંતિ સાથે યાત્રા તથા પ્રવચનો થતાં હતાં. સ્વ. પૂજ્ય ક્ષુલ્લક ગણેશપ્રસાદજી વર્ણી (તત્સમય) તથા અનેક મુનિરાજ તથા ત્યાગીગણ પણ પ્રવચનમાં બિરાજતા હતા. તે સમયની ઘટના છે કે મુરૈનાવાળા સ્વ. પં. મખનલાલજી પધાર્યા, એમણે કાર્યક્રમમાં વિસંવાદ ઊભો કરવાની ચેષ્ટા કરી. એમના સાથીઓએ પણ વાતાવરણ બગાડવા અસફલ ચેષ્ટાઓ કરી. તે સમયે પણ બાપુજી અડગ રહ્યા. પરિસ્થિતિથી જરાય પણ ગભરાયા નહિ પરિણામે કોઈ પણ અપ્રિય ઘટના ઘટી નહિ.

ત્યારબાદ કલકત્તા બેલગછિયા મંદિરના પ્રાંગણમાં સાંજે તત્ત્વચર્ચા સમયે એક પંડિત મહાશય ઉગ્ર થઈને આગળ આવવા લાગ્યા જેથી અપ્રિય બનાવ બનવાની આશંકા થઈ. તે સમયે બાપુજીએ વૃદ્ધાવસ્થામાં પણ તે મહાશયને બન્ને હાથોથી કમરબંધી કરીને બેસાડી દીધા—આ એમના સાહસનું એક પ્રમાણ હતું.....

આવા અનેક પ્રસંગો છે જેનું વિસ્તારથી વર્ણન કરવું સંભવિત નથી. સંક્ષેપમાં એટલું કહેવું છે કે બાપુજી ખરેખર એક 'લોહપુરુષ' છે.

૧૦૦ વર્ષની ઉંમરમાં પણ બાપુજી બરાબર નિત્ય નિયમિત ક્રિયામાં શિથિલતા આવવા દેતા નથી. રોજ મંદિરમાં ભગવાનની પૂજા કરી પ્રવચન સાંભળી ઘરે જાય છે. બપોરના તેમજ રાતના પણ પ્રવચન માટે આવે છે. આ ૧૦૦ વર્ષની ઉંમરે પણ દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ રહીને પૂજ્ય ગુરુદેવની અનુપસ્થિતિમાં પણ ટ્રસ્ટના કાર્યનું સંચાલન કરે છે.

આ ૧૦૦ માં વર્ષની હીરક જયન્તીના ઉપલક્ષમાં હું પૂજ્ય બાપુજીને હૃદયથી અનેકાનેક વધાઈ આપું છું અને કામના કરું છું કે તેઓ અધિકથી અધિક કાળ સુધી અમારા વચ્ચે રહીને અમને માર્ગદર્શન આપતા રહે.

# અનુકરણીય સદ્‌ગુણોના સ્વામી : શ્રી રામજીભાઈ

ડૉ. ચંદુભાઈ કામદાર, રાજકોટ

પરમ પાવન પરમ પૂજ્ય શ્રી કુંદકુંદાચાર્ય આદિ મહાન્ મહાન્ મુનિવરો દ્વારા પ્રતિપાદિત શુદ્ધાત્મતત્ત્વના પ્રચાર-પ્રસાર દ્વારા શ્રી દિ. જૈનધર્મનો જેમણે ઉન્નત્ત ઝંડો ફરકાવ્યો છે, આધુનિક જૈન ઇતિહાસમાં જેમણે મહાન્ ક્રાન્તિકારી કામ કર્યું છે, એવા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો તો મહાન્ ઉપકાર છે જ તથા એમના પરમ અનુયાયિઓમાં જેમનું પહેલું સ્થાન છે, એવા દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સંસ્થાપક સન્માનનીય ભાઈશ્રી રામજીભાઈનો પણ મારા જીવનને ઉન્નત બનાવવામાં મહાન યોગદાન છે. કેમકે પૂર્ણ નિવૃત થઈને સોનગઢમાં સ્થાઈ નિવાસના પૂર્વે આપ રાજકોટમાં હતા ત્યારે પાંચ વાગ્યાથી આખા દિવસ દરમિયાન કેટલાય કલાકો અમને જૈન ધર્મના મૂળ-ભૂત સિદ્ધાન્તોનું અપૂર્વ રહસ્ય સરળતાથી સમજાવવા અથક્ પ્રયત્ન કરતા હતા એટલે આપનો પણ મારા પર ઉપકાર છે.

શ્રી દિગમ્બર જૈનાચાર્યો દ્વારા પ્રણીત અનેક શાસ્ત્ર તથા મોક્ષશાસ્ત્ર પર વિશદ્ વિવેચન કરીને આપે સર્વ મુમુક્ષુ સમાજ પર મહાન ઉપકાર કર્યો છે.

પૂજ્ય ગુરુદેવ પ્રતિ આપની અનન્ય ભક્તિ અતિ પ્રશંસનીય તથા અનુકરણીય છે. આપનું ધાર્મિક જીવન પણ ઉદાત્ત છે. આપ આત્મામાં સદા પ્રીતિ કરવાવાળા તથા આત્મામાં જ તૃપ્તિનો અનુભવ કરવાવાળા છો. એવી રીતે અમને આપના અનેક સદ્‌ગુણ જોઈને આપનું અનુકરણ કરવાની શિક્ષા મળે છે. તેથી આપને મારા શત્-શત્ અભિનન્દન છે. આપના શતાબ્દિ સમારોહના અવસરે અમારા હૃદયમાં આનન્દની ઉર્મિઓ ઉછળે છે. તથા અમે હાર્દિક ભાવના ભાવીયે છીએ કે આપ ગુરુદેવશ્રી દ્વારા પ્રકાશિત સન્માર્ગને સદૈવ પ્રકાશિત કરતા રહો તથા અમને બધાને તે સન્માર્ગ પર ચાલવાની નિરન્તર પ્રેરણા આપતા રહો.......xxx

# હાર્દિક અભિનંદન

—ડૉ. હરીન્દ્રભૂષણ જૈન, વિક્રમ વિશ્વવિદ્યાલય, ઉજ્જૈન ( મ. પ્ર. )
મંત્રી, અખિલ ભારતવર્ષીય, દિ. જૈન વિદ્વત્ પરિષદ્

...xxx મુજે લગતા હૈ, અપની ઉર્જસ્વલ જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયો સે સમ્પન્ન અધ્યાત્મ તેજ સે દૈદીપ્યમાન શ્રી રામજીભાઈ ૧૦૦વે વર્ષમેં પ્રવેશ કર વૈદિક ઋષિયોં કી અદીન હોકર સૌ વર્ષ જીને કી અભિલાષા કો સાકાર કરને જા રહે હૈં।

મેરી કામના હૈ કિ સમ્માન્ય રામજીભાઈ શતાધિક વર્ષોં તક જીકર પૂજ્ય ગુરુદેવ કે લગાયે અધ્યાત્મ વૃક્ષકો સફલ બનાકર જન જન કે કલ્યાણ કરને મેં સમર્થ હો. મૈં અખિલ ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદ્ કી ઓર સે શ્રી રામજીભાઈ કા ઉનકે શતાબ્દિ પ્રવેશ પર હાર્દિક અભિનંદન કરતા હૂઁ।

*

# આત્મકલ્યાણકે લિયે તત્પર : શ્રી રામજીભાઈ

—પ્રકાશ 'હિતૈષી' શાસ્ત્રી, સંપાદક : સન્મતિસંદેશ, દિલ્હી

વિદ્વત્પ્રવર શ્રી રામજીભાઈ દોશી ઈસ યુગકે મહાન ચિન્તનશીલ તાર્કિક વિદ્વાન હૈ। આપકી તત્વાર્થસૂત્રકી વિશાલ ટીકા પઢને પર આપકી પ્રતિભાકા પરિચય પ્રાપ્ત હોતા હૈ। આપકો ચારોં અનુયોગોંકા તલસ્પર્શી જ્ઞાન હૈ। સરલતા, સૌજન્ય ઔર ગંભીરતાઓને આપકી વિદ્વત્તામેં ચાર ચાંદ લગા દિયે હૈં। પેશે સે પ્રતિષ્ઠા-પ્રાપ્ત વકીલ હોને કે કારણ અલૌકિક તાર્કિકબુદ્ધિ સહજ પ્રાપ્ત થી। ઇસલિયે વે ધર્મકે પ્રત્યેક સિદ્ધાન્તકો તર્ક કી કસૌટી પર કસકર હી સ્વીકાર કરતે હૈં।

મૈં સન્ ૬૨ મેં ઉનકે સમ્પર્ક મેં આયા થા। ઉસ સમય અધ્યાત્મકે વિષયમેં મુજે અનેક શંકાયે થી, જિનકા સમાધાન નહિં હો પા રહા થા, ઉસ અવસર પર આપ હી એકમાત્ર ઐસે પ્રતિભાશાલી અધ્યયનશીલ વિદ્વાન થે, જિન્હોંને કઈ દિનોં તક ઘંટો બૈઠકર આગમ વ તર્ક સે મેરા સમાધાન કિયા થા। કઈ ઘંટે બૈઠકર ભી આપમેં થકાન યા જુંજલાહટકી રેખાયેં કભી દૃષ્ટિગોચર નહિ હુઈ। આપકા જ્ઞાન ઇતના વિશાલ વ ગંભીર હૈ કિ કિસી કી કૈસી ભી શંકા હો, ઉસકા તત્કાલ સુંદર સમાધાન ઉસે મિલ જાતા હૈ। તત્ત્વાર્થસૂત્ર કી ટીકા દેખને સે પતા ચલતા હૈ કિ ન્યાયકે ગ્રંથોંકા ભી આપકો ગંભીર અધ્યયન હૈ। અધ્યાત્મ તો આપકે જીવનમેં પ્રત્યક્ષ પઢનેકો મિલતા હૈ।

આપ લોકૈષણા ઔર પ્રતિષ્ઠા સે સદા દૂર રહ કર માત્ર આત્મકલ્યાણ કે લિયે હી તત્પર રહતે હૈ। આપ નિંદા-પ્રસંશા સે પરે રહકર સ્થિતપ્રજ્ઞકી શ્રેણીમેં દેખે જાતે હૈ। આપ હમેંશા ન્યાય ઔર સત્યકે પક્ષપાતી, શાન્તિપ્રિય, સૌજન્યકી સાક્ષાત્ મૂર્તિ હૈ।

આજ સોનગઢ કે માધ્યમસે દેશ વિદેશમેં જો અધ્યાત્મકી લહર આઈ હૈ, ઉસમેં આપકી સૂજબૂઝ એવં દૂરદર્શિતા કા ભી યોગદાન હૈ। ધર્મપ્રચારમેં આપકી યોજનાયેં ઠોસ ઔર વ્યાપક પ્રભાવશાલી હોતી હૈ। સોનગઢ કે માધ્યમ સે ધર્મ પ્રચાર કી જો વ્યાપક વિસ્તારવાદી યોજનાયેં બની વે આપકે હી મસ્તિષ્ક કી ઉપજ હૈં। XXX....

—×—

# પૂજ્ય ગુરુદેવશ્રીકે પરમભક્ત : શ્રી રામજીભાઈ

શ્રી પદમચંદજી જૈન સર્રાફ, આગરા (ઉ. પ્ર.)

આજ પરમ સૌભાગ્ય સે હમેં પરોપકારી પૂજ્ય પંડિત શ્રી રામજીભાઈ કી ૧૦૦ વી હીરકજયન્તી મનાને કા સુઅવસર પ્રાપ્ત હો રહા હૈ।

મનુષ્યભવ ઔર જૈનધર્મકી સફલતા માત્ર ઈતની નહિ હૈ કિ દાન-વ્રતાદિક

ક્રિયાઓં દ્વારા હમ પુણ્યોપાર્જન કર સ્વર્ગાદિક વૈભવ પ્રાપ્ત કરેં, ઇસકો તો અન્ય લોગ ભી મંદ કષાયાદિ દ્વારા પ્રાપ્ત કર લેતે હૈ, કિન્તુ હમકો ઇસ ભવમેં મોક્ષમાર્ગ કે સાક્ષાત્ કારણ સમ્યગ્દર્શનાદિ કી નીંવ અપને જીવનમેં ડાલની હૈ. યહ બાત ઇસ નિકૃષ્ટકાલમેં મુઝે સબસે પહલે આદરણીય પંડિત રામજીભાઈ કે દ્વારા હી પ્રાપ્ત હુઈ। મેરે જીવનમેં જો આધ્યાત્મિક પરિવર્તન હુઆ, વહ મોક્ષમાર્ગ કે ઉપર લિખી હુઈ આપકી ટીકા કે કારણ હી હુઆ। એક બાર જબ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી યાત્રાસંઘ કે સાથ તીર્થયાત્રા કરતે હુએ આગરા પધારે તબ પ્રારમ્ભ સે હી ક્રિયાકાંડી હોને કે કારણ ઉનકે દ્વારા પ્રતિપાદિત તત્ત્વકે પ્રતિ મેરે હૃદયમેં બહુત વિરોધ બના હુઆ થા, કિન્તુ 'આખિર ઇનકા કહા હુઆ તત્ત્વ કિસ નિષ્કર્ષ પર લે જાતા હૈ' ઇસ જિજ્ઞાસાવશ આગરામેં વિક્રય હેતુ લાયે હુએ સત્સાહિત્યમેં સે મૈંને આદરણીય પ. રામજીભાઈ દ્વારા લિખિત ટીકાવાલા મોક્ષશાસ્ત્ર ખરીદા ઔર અધ્યયન કિયા તો મોક્ષશાસ્ત્ર કે અધ્યયનને મેરે હૃદયકો જકઝોર દિયા। રાતદિન હૃદયમેં યહી વિચાર ઘૂમતે રહતે કિ અબ તક શુભભાવ કો હી ધર્મ માન રખા થા, કિન્તુ શુભભાવમેં ધર્મ નહિ–યહ ઉસ ગ્રન્થમેં આગમપ્રમાણ સહિત લિખા હુઆ થા, ઔર ઉસી દિન સે ઐસા વિચાર આયા કિ ઐસે મહાન પુરુષ કે ચરણો મેં બૈઠકર ધર્મકા માર્ગ સમજ. સન્ ૧૯૫૬ સે હી સોનગઢ જાનેકી પ્રબલ ઇચ્છા મેરે મનમેં હોને લગી થી. કિન્તુ પારિવારિક વિરોધ કે કારણ સન્ ૬૬ મેં પૂજ્ય ગુરુદેવશ્રી એવં આદરણીય પં. રામજીભાઈ કે પુનઃ દર્શન કરનેકા અવસર મિલા. આદરણીય પં. શ્રી રામજીભાઈ કે મુખસે સદૈવ હી તત્ત્વ કી બાત સુનને કો મિલતી રહી, ચાહે વે ઘૂમને જાતે, ચાહે ઘરમેં હોતે; વે હંમેશા તત્ત્વ સમઝનેકી બાત હી કરતે રહતે। વે અપના એક પલ ભી વ્યર્થ મેં નહિ ખોતે। ઉનકે પવિત્ર એવં સદૈવ સ્વાધ્યાય ચિંતનમય જીવન કી મેરે મન પર ગહરી છાપ લગી। પૂજ્ય ગુરુદેવશ્રી કે પ્રવચનોં કો સરલતા સે સમઝાને કી શૈલી સે મન મુગ્ધ હો ગયા। આદરણીય રામજીભાઈ કા જીવન ઇતના સરલ ઔર સાત્ત્વિક હૈ કિ બાહ્ય કિતની ભી પ્રતિકૂલ પરિસ્થિતિ બને, ઉનકે પરિણામ જરા ભી વિચલિત નહિ હોતે। જીવનમેં ધર્મ કો સમઝને હેતુ લાખો રૂપયે કી આયવાલી બૈરિસ્ટરી કો ભી ઉન્હોંને સહજ મેં હી છોડ દિયા. ઇતના હી નહીં, સંપૂર્ણ ઘર–બાર છોડકર સ્વર્ણપુરી મેં હી રહને લગે। આદર્શ જીવન કે સ્વરૂપ કો દેખના હો તો પૂજ્ય રામજીભાઈ કે જીવન કો દેખેં।

૧૦૦ વર્ષ કી ઇસ અવસ્થામેં ભી પ્રમાદ તો નામમાત્ર કો નહિ હૈ। આપને અપને જીવનમેં 'ધર્મકી ક્રિયા' આદિ અનેક પુસ્તકે લિખી, જબ કોઈ ઉનકી પ્રશંસા કરતા તો સરલ ભાવસે કહતે હૈં 'કિ પ્રશંસા કે પાત્ર તો પૂજ્ય ગુરુદેવશ્રી હૈં હમ તો ઉનકે દાસાનુદાસ હૈં'।XXX....

# નિષ્પ્રહી ઉદાર વ્યક્તિત્વ કે ધની : શ્રી રામજીભાઈ

—શ્રી જ્ઞાનચંદજી 'સ્વતંત્ર' ગંજબાસોદા (મ. પ્ર.)

માઁ જિનવાણી સરસ્વતી દેવી કા આપ પર વરદ હસ્ત હૈ. જૈનશાસન કી પ્રભાવનામેં ઔર પ્રચાર-પ્રસારમેં આપકા બહુમૂલ્ય યોગદાન હૈ. આપ દિ. જૈન સ્વાધ્યાય મન્દિર ટ્રસ્ટ સોનગઢકે સ્તમ્ભ ઔર પૂજ્ય કાનજીસ્વામી કે સદૈવ દાહિને હાથ રહે। છહ દશક તક પરમાગમ ગ્રન્થોંકા અધ્યયન, આલોકન, મનન-ચિન્તન, મન્થન કરતે રહને સે આપકા જ્ઞાન અત્યન્ત પરિમાર્જિત એવમ્ પરિષ્કૃત હો ગયા હૈ. આપને ન કેવલ દ્રવ્યાનુયોગકા અપિતુ ચારોં અનુયોગોં કે ગ્રન્થોંકા સ્વાધ્યાય કિયા હૈ। અતએવ આપ બહુશ્રુતજ્ઞ વિદ્વાન હૈ। સતાયુ હોતે હુએ ભી આપકા સ્વાધ્યાય એવમ્ સભી દૈનિક કાર્ય નિયમિત રૂપસે ચલ રહે હૈ। આપ વયોવૃદ્ધ તો હૈ હી કિન્તુ જ્ઞાનવૃદ્ધ અનુભવવૃદ્ધ અધિક હૈ। xxx....

*　*　*

# અધ્યાત્મપ્રેમી પૂજ્ય રામજીભાઈ કો હાર્દિક અભિનંદન

—શ્રી ભગવાનદાસ શોભાલાલ, સાગર

ધર્મ ધુરંધર ધર્મવીર, અરુ ધર્મ-ધ્યાન કે ધારી।
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત સે, શિવપદકે અધિકારી॥

'ગુણા સર્વત્ર પૂજ્યતે,' સબ જગહ ગુણોંકી હી પૂજા હોતી હૈ, મનુષ્ય જન્મ સે નહીં, કર્મ સે મહાન્ હોતા હૈ।

જૈનધર્મ કે મર્મજ્ઞ, તત્ત્વજ્ઞાતા, વિદ્વાન-મનીષી, વયોવૃદ્ધ પંડિતપ્રવર, અધ્યાત્મપ્રેમી શ્રદ્ધેય પૂજ્ય રામજીભાઈ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી કે સંઘકે પ્રમુખ મુમુક્ષુઓં મેં સે એક હૈં તથા શ્રી દિ. જૈન સ્વાધ્યાય મન્દિર ટ્રસ્ટ સોનગઢકે અધ્યક્ષ હૈ।

હમ આજ ઉનકે ઇસ શતાબ્દિ સમારોહ કે અવસર પર ઉનકા હાર્દિક અભિનંદન કરતે હૈ।

ઓમ્ નમઃ સિદ્ધ ભજતે-ભજતે, સતત્ બ્રહ્મ કા હોતા દર્શન।
વે નર હી નારાયણ બનતે, કરતા જગ ઉનકા અભિનન્દન॥

મહાન આત્માયેં મહાનતાકા લક્ષ્ય લેકર હી અવતરિત હોતી હૈ, ઐસે હી પુણ્ય પુરુષો દ્વારા માનવ કલ્યાણ કે કાર્ય હોતે હૈ, હમ ઐસે સર્વગુણ સમ્પન્ન પૂજ્ય રામજીભાઈ કે આરોગ્યમય દીર્ઘ જીવનકી મંગલ કામના કરતે હૈ।

*　*　*

# સોનગઢ કે ભીષ્મપિતામહ : શ્રી રામજીભાઈ

—ડૉ. હુકમચંદજી ભારિલ્લ, જયપુર

XXX—બાપુજી સોનગઢકે ભીષ્મપિતામહ હૈ। છોટી છોટી બાતોં સે ઉદાસીન, કભી ન ઉલઝને વાલે, પરમપૂજ્ય ગુરુદેવ કે બાદ સોનગઢકી મૂલધારા કે સબલ સંરક્ષક કે રૂપમેં ઉનકી ઉપસ્થિતિ સભીકો છત્રછાયા પ્રદાન કરતી હૈ।

વે સોનગઢ કે સજગ પ્રહરી હૈં। ઉનકી દબંગ પહરેદારી મેં સોનગઢ આજ તક સબ પ્રકાર સે સુરક્ષિત રહા હૈ। કહા જાતા હૈ કિ જબ સ્વામીજીને સત્યધર્મ સમઝાયા તબ ઉનકે પાસ કાઠિયાવાડ કે દો શેર આયે થે। ઉનમેં સે પ્રથમ થે હમારે બાપુજી રામજીભાઈ માણેકચન્દ દોશી; જિનકે પૌરુષકી છત્રછાયામેં સોનગઢ સ્વર્ણપુરી બનકર ફૂલા-ફલા-ચમકા ઔર તીર્થ બન ગયા। ઉસે તીર્થ બનાનેવાલા તો પૂજ્ય ગુરુદેવશ્રીકા પુણ્યપ્રતાપ હી હૈ, પર બાપુજી કે સબલ સંરક્ષણકા ભી ઉસમેં મહત્વપૂર્ણ યોગદાન હૈ।

વૈસે તો વિકાસ કે આરમ્ભ સે હી સોનગઢ કો બાપુજીકી પહરેદારી કા લાભ પ્રાપ્ત રહા હૈ, તથાપિ મૈંને ભી ઈસ સજગ પ્રહરી કો વિગત છબ્બીસ વર્ષો સે લગાતાર હાથમેં છડી લીયે હુએ, સોનગઢમેં પહરા દેતે હુએ અપની આંખોસે દેખા હૈ. 'ભગવાન આત્મા' કી પુકાર કરનેવાલે 'ભગવાન આત્મા' કે હી ગીત ગાનેવાલે, ઘર આનેવાલે કો 'ભગવાન આત્મા' કહકર પુકારનેવાલે દિવ્યાત્મા પૂજ્ય ગુરુદેવ શ્રી સદા પ્રયાણ કર ગયે; તો માનો સોનગઢ કી આત્મા હી ચલી ગઈ. ટેકરી કો તીર્થ બના દેને વાલી મહાનિધિ ચલી ગઈ; પર યહ સજગ પ્રહરી આજ ભી વહીં અપની ધુની રમાયે બૈઠા હૈ, પહરા દે રહા હૈ, વહાઁ સે હિલ ભી નહીં રહા હૈ। XXX....

સોનગઢકે યે મહારથી માત્ર વ્યવસ્થા એવં પ્રશાસન તક હી સીમિત નહિ રહે હૈં, અપિતુ જ્ઞાનારાધના પઠન-પાઠન, લેખન, સંપાદન એવં પ્રકાશન મેં ભી આપકા અભૂતપૂર્વ યોગદાન રહા હૈ, અધ્યાત્મવિદ્યા એવં આગમકે ઉદ્ધરણો કે તો માનો વે ચલતે ફિરતે શબ્દકોશ હી હૈ. ઉનસે તત્ત્વચર્ચા કરનેવાલોં કો યહ ભલી-ભાંતિ જ્ઞાત હૈ કિ જબ વે કિસી પ્રશ્ન કા ઉત્તર દે રહે હોતે હૈ, તો આગમ ઉદ્ધરણોંકી ઝડી લગા દેતે હૈ. ઉસીસમય ગ્રંથકે નામકે સાથ પૃષ્ઠ સંખ્યા ભી તત્કાલ બતાતે જાતે હૈં। તત્ત્વાર્થસૂત્ર પર લિખી ઉનકી ટીકા આગમ પ્રમાણો સે ભરી પડી। ઉનકી 'ધર્મ કી ક્રિયા' આદિ કૃતિયાં ભી અવલોકનીય હી નહિ, મનનીય હૈ। XXX....

XXX....ઉનકી છત્રછાયા મુજે આજીવન પ્રાપ્ત રહે ઔર પૂ. બાપુજી અપરિમિત કાલ તક આત્મહિત કે સાથસાથ હમારા મંગલ માર્ગદર્શન કરતે રહેં—ઈસી મંગલ કામનાકે સાથ વિરામ લેતા હૂઁ।

* * *

# શ્રી રામજીભાઈ : એક આદર્શ ઉદાહરણ

—પં. રતનચંદ ભારિલ્લ, જયપુર

જબ-જબ હમ પૂજ્ય બાપુજી શ્રી રામજીભાઈ કે જીવન પર દૃષ્ટિ ડાલતે હૈં તો વે હમેં સોનગઢ કે સજગ પ્રહરી, પૂજ્ય ગુરુદેવશ્રી કી સભાકે સ્થાઈ સાવધાન શ્રોતા, તત્ત્વજ્ઞાન કે તાર્કિક પ્રવકતા, વિશ્વસનીય સંરક્ષક, સફલ સંચાલક, નિયમિત જીવન વ પ્રેરણાસ્પદ વ્યકિતત્વકે ધની દિખાઈ દેતે હૈ।

×××....જો લોગ ધર્મ કો અપઢ એવં નિઠલ્લોં કા કામ માનતે હૈં, ઉન્હેં રામજીભાઈ જૈસે બુદ્ધિશાળી, પઢે-લિખે, પ્રતિષ્ઠાપ્રાપ્ત વકીલકે જીવન સે શિક્ષા લેની ચાહિયે। કયોંકિ ન વે નિઠલ્લે થે ઔર ન અપઢ, ફિર ભી વે ધર્મકી શરણમેં આયે ઔર અપના બહૂમૂલ્ય માનવ જીવન સાર્થક કર રહે હૈં।

શતાયુ શ્રી રામજીભાઈ કી નિયમિત દિનચર્યા ભી આજકે અનિયમિત લોગોં કો એક આદર્શ ઉપસ્થિત કરતી હૈ, અપની ચર્યા કો નિયમિત બનાને કી પ્રેરણા દેતી હૈ। ×××....

×××....અંતમેં, ઉનકા સક્રિય-સચેત દીર્ઘજીવનકી મંગલ કામના કે સાથ હાર્દિક અભિનંદન કરતે હુયે મૈં અપની બાતસે વિરામ લેતા હૂં।

*   *   *

# દીર્ઘજીવી બને રહો

—કૈલાશચંદ મલૈયા 'શાસ્ત્રી' સાગર (મ. પ્ર.)

જબ મૈં સોનગઢ ગયા તો સર્વપ્રથમ મેરે સાથિયોંને સોનગઢ કે સંચાલક એવં સંસ્થાપક કે રૂપમેં પૂજ્ય રામજીભાઈકા પરિચય મુઝે કરાયા।

"એક દ્રવ્ય દૂસરે દ્રવ્યકા કુછ કર (બિગાડ) નહીં સકતા।"

ઉનકે ઇસ વાક્યકો સૂનકર મૈં ચૌંક ગયા કિ યહ પ્રત્યક્ષ બાધિત બાત ઇતને બુજુર્ગ હો કર ભી કૈસે કહ રહે હૈ. ઔર યે સભી સૂનને વાલે ભી શિર હિલ–હિલાકર ઉનકી બાત કી સહર્ષ સમર્થન કર રહેં હૈ. કિન્તુ કુછ સમય બાદ જબ ઉન્હોંને આગમ ઔર યુક્તિયોંસે સિદ્ધ કિયા ઔર કુછ કુછ મેરે ગલે બાત ઉતરી તો મૈં ઉનસે અત્યન્ત પ્રભાવિત હુઆ, જિસકો મૈં કભી વિસ્મરણ નહિં કર સકતા હૂં।

આપકી વાણી સદા સતર્ક સુધાતરંગણીવત્ મુખરિત હુઈ અર્થાત્ આપકી વકતૃત્વ શૈલી સત્યતા યુક્ત તર્કોવાલી હૈ, જિસમેં આગમ પ્રમાણોંકી તો ઝડી હી લગ જાતી હૈ. જિસસે શ્રોતાઓં કે મન મેં કિસી ભી પ્રકારકી શંકાએ કો ઠહરને કા સ્થાન હી નહિ રહતા હૈ।

આપ કુશલ વક્તા એવં ગંભીર ઔર સરલ સ્વભાવી હૈ। આપને બતાયા થા કિ "પુરુષાર્થકા સ્વરૂપ અકર્તૃત્વ હૈ, કિન્તુ અજ્ઞાનીકો અભિપ્રાયન્તર સે ભાષામેં [illegible] માનતા હૈ।" ઇસ બાત કો સમઝાને કે લિયે આપને અનેક ઉદાહરણ દિયે ઔર મુઝે યહ સિદ્ધાંત ગલે ઉતરા.

મૈંને પૂજ્ય રામજીભાઈ કે પ્રતિ ઉનકે સદા દીર્ઘજીવી બને રહનેકી ભાવના હૈ

* * *

# માઁ જિનવાણી કે સચ્ચે સપૂત

—ઉગ્રસેન બંડી, ઉદયપુર (રાજ.)

—xxx આપકી અદ્વિતીય ધારણા, તત્ત્વનિષ્ટા, અટૂટ શ્રદ્ધાન, જીવનકી ઉજ્જવલતા, શરીર કી અવસ્થામેં ગિરાવટ આને પર ભી આત્મજાગૃતિ અદ્વિતીય હૈ! આપકી જિન્દગી ભી ધાર્મિકતાસે ભરી-પૂરી હૈ। આપ માઁ જિનવાણી કે સચ્ચે સપૂત હૈં। માઁ સે આપકો બહુત મિલા હૈ ઔર આપને ઉસકા સંરક્ષણ કિયા હૈ. શ્રદ્ધેય બાપુજીને સમયસારસૂત્ર કી અદ્વિતીય વિસ્તૃત ટીકા કી હૈ ઔર વસ્તુ સ્વતંત્રતા કા પ્રતિપાદન પૂર્વાચાર્યોં કા અનુસરણપૂર્વક કર મુમુક્ષુ સમાજ પર પરમ ઉપકાર કિયા હૈ. આપકી મૈનેજમેન્ટ કરને વ કન્ટ્રોલીંગ પાવર દેખતે હી બનતી હૈ। બાપુજી હમારે બીચ વર્ષોં તક રહેં ઔર હમેં માર્ગદર્શન દેતે રહેં।

ગુરુદેવશ્રી કે સ્વર્ગસ્થ હોને કે બાદ એક પ્રકાર સે મુમુક્ષુ સમાજ અનાથ-સા હોકર કિંકર્તવ્ય વિમૂઢ હો રહા હૈ; અભી તો બાપુજી હી માર્ગદ્રષ્ટા હૈં।

* * *

# જૈન જગત કે સચ્ચે પથપ્રદર્શક : શ્રી રામજીભાઈ

—શ્રી માણેકચંદજી પાટોદી, સંચાલક-મ. પ્ર. વિત્તનિગમ

—xxx ઐસે જૈન સમાજ કે જગમગાતે સ્તમ્ભ વ્યવહારિક પથ-પ્રદર્શક, અધ્યાત્મશક્તિ કે અજસ્રસ્તોત્ર, સમયસારકે અપૂર્વ પ્રસારક, નિશ્ચય વ્યવહાર, કારણ-કાર્ય, નિમિત્ત-નૈમિત્તિક કે આદર્શ પ્રચારક, જિનકી ઓજસ્વી વાણી દ્વારા પીયુષ બરસાને જૈન સમાજ કો સચ્ચા પથ પ્રદર્શિત કિયા હૈ।

ઉનકી શતાબ્દિ સમારોહ કે શુભ અવસર પર અપની શ્રદ્ધા વ્યક્ત કરતા હૂઁ એવં મંગલ કામના કરતા હૂઁ કિ ઐસે સત્પુરુષ, ઓજસ્વી વક્તા, શ્રી રામજીભાઈ દીર્ઘાયુ હોં તથા સ્વસ્થ રહતે હુએ હમારા પથ પ્રદર્શિત કરતે રહેં। * * *

[ પેઈજ નં. ૪૩ થી પેઈજ નં. ૫૫ ના અભિનંદનલેખ 'જૈનપથ પ્રદર્શક' માંથી સાભાર.... ]

# ગુરુદેવ દ્વારા માન્ય 'પંડિત' : શ્રી હિંમતભાઈ

આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહના ૭૫ મા વર્ષમાં પ્રવેશ—અમૃત-વર્ષગાંઠ—(શ્રાવણ વદ ૧૪) પ્રસંગે સોનગઢમાં માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના અધ્યક્ષપણામાં પંડિતજીનો સન્માનસમારંભ યોજવામાં આવેલ, તે પ્રસંગે અધ્યક્ષીય ભાષણમાં પૂ. બાપુજી શ્રી રામજીભાઈએ ઉચ્ચારેલા ભાવભીના ઉદ્ગાર

આજે આપણા પંડિતજી શ્રી હિંમતભાઈ ૭૫ મા વર્ષમાં પ્રવેશ કરે છે. પૂજ્ય ગુરુદેવશ્રીની તેમના ઉપર ઘણી કૃપાદૃષ્ટિ હતી. તેમણે આપણા મુમુક્ષુ સમાજને ઘણી ઘણી કીમતી સેવાઓ આપી છે. તેમની મુખ્ય સેવા, સમયસાર વગેરે શાસ્ત્રોનો ગુજરાતી ભાષામાં સુંદર તેમ જ ભાવવાહી તરજૂમો તથા હરિગીત છંદમાં મૂળ ગાથાઓનો મધુર પદ્યાનુવાદ કરીને પૂજ્ય ગુરુદેવ તેમ જ સમાજ પાસે રજૂ કર્યો તે છે, જેનાથી પૂજ્ય ગુરુદેવને પણ આપણને તત્ત્વ સમજાવવામાં ઘણી સરળતા થઈ. પૂ. ગુરુદેવ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર વગેરે શાસ્ત્રોનાં ઊંડાં રહસ્યો ખોલતા હતા તેમાં પંડિતજીના અનુવાદનો બહુ કીમતી ફાળો છે. પૂજ્ય ગુરુદેવના હૃદયમાં પંડિતજીની અસાધારણ બુદ્ધિ, અર્થ-ઉકેલની અદ્ભુત સૂઝ તેમ જ વૈરાગ્ય પ્રત્યે સારું માન હતું. પૂજ્ય ગુરુદેવે જ તેમને એકમાત્ર સાચા 'પંડિત' તરીકે બિરદાવ્યા હતા.

આજે પંડિતજીના જન્મદિવસે, તેમણે આપણા સમાજ પર કરેલા ઉપકારને યાદ કરીને તેમના પ્રત્યે આપણે સૌએ આભારનો ભાવ જાહેર કરવો જોઈએ.


આત્માર્થીઓને આત્મચિંતન-મનનમાં આલંબનરૂપ

## પરમાગમસાર

આત્મોદ્ધારક પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ગ્રંથાધિરાજ શ્રી સમયસાર આદિ પરમાગમો ઉપર થયેલાં અધ્યાત્મ-અમૃતરસ ઝરતાં પ્રવચનોમાંથી સંકલિત ૧૦૦૮ વચનામૃતોનું પુસ્તકારૂઢ સુંદર સંકલન.

પ્રાપ્તિસ્થાનઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ-૩૬૪૨૫૦

(૨) શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ,
૫૮૦ જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧

# કુંદકુંદભારતીના પનોતા પુત્ર : પં. શ્રી હિંમતભાઈ

[ આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની ૭૫ મા વર્ષની 'અમૃત-વર્ષગાંઠ' પ્રસંગે—શ્રાવણ વદ ૧૪ના દિને—યોજાયેલ સન્માનસમારંભમાં બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા દ્વારા સમર્પિત શ્રદ્ધાસુમન. ]

કૃપાળુ ગુરુદેવે આપણને 'આત્મા' આપ્યો છે. ગુરુદેવ ન હોત તો ભૌતિક ભોગવિલાસના આ વિષમય યુગમાં 'આત્મા' શબ્દ ન હોત; તે કોઈ પરીની કથા જેવો કલ્પિત પદાર્થ હોત. એ 'આત્મા' હસ્તામલકવત્ બતાવી આપણામાં તેનો મહિમા જગાડ્યો, તેની સાધનાનો પંથ પ્રકાશિત થયો તે ખરેખર કૃપાળુ ગુરુદેવનો પ્રતાપ છે, તેમનો મહાન ઉપકાર છે.

ભગવાનનું સમોસરણ જેમ ભૌતિક રત્નોનું બનેલું હોય છે, તેમ તે આધ્યાત્મિક રત્નોથી પણ ભરપૂર હોય છે. પૂજ્ય ગણધરદેવો, પ્રતિગણધરદેવો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, ઉત્તમ શ્રાવકો વગેરે અગણિત અધ્યાત્મરત્નોનો ત્યાં મેળો હોય છે. એ પ્રમાણે પંચમ કાળમાં જ્યારે ધર્મનો દુષ્કાળ વર્તે છે એવા આ વિષમ યુગમાં અધ્યાત્મધર્મનો ચમત્કારી યુગ પ્રવર્તાવનાર તીર્થંકરોપમ પૂજ્ય ગુરુદેવના ધર્મદરબારમાં પણ અધ્યાત્મ-ભાવથી ભિંજાયેલાં 'રત્નો' છે. જેમને પૂજ્ય ગુરુદેવના ગણધરની ઉપમા આપી શકાય એવા અધ્યાત્મરત્ન પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિશુદ્ધ આત્મપરિણતિ તેમ જ તેમની અનુભવદશાની તો શી વાત કરવી! પણ કૃપાળુ ગુરુદેવનો બોધ ઝીલનાર, સંસ્થાના આડાભીડ સ્તંભ એવા પૂજ્ય બાપુજી જેમ પૂજ્ય ગુરુદેવની સભાનું વિશિષ્ટ 'રત્ન' છે તેમ આપણા સૌના આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ, કે જેમણે ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં શ્રી સમયસાર વગેરે પરમાગમો આપણને આપણી માતૃભાષામાં આપીને આપણા ઉપર ઉપકાર કર્યો છે તે, પણ પૂજ્ય ગુરુદેવના ધર્મદરબારનું સમ્માનનીય વિશિષ્ટ 'રત્ન' છે.

શ્રી સમયસાર વગેરે મહાન શાસ્ત્રોનો ગુજરાતી ભાષામાં સરળ તેમ જ સુગમ અનુવાદ કરી આપવા બદલ પૂજ્ય ગુરુદેવ પોતે પણ પંડિતજી પ્રત્યે અમીભરી કૃપાદૃષ્ટિ-પૂર્ણ અહોભાવની લાગણી અનુભવતા હતા. જોકે પંડિત જયચંદજીએ સમયસારનો હિન્દી ભાષામાં અનુવાદ કરેલો છે, તોપણ ઘણે સ્થળે શ્રી હિંમતભાઈના ગુજરાતી અનુવાદે પૂજ્ય ગુરુદેવને પાઠ સંબંધી વિશેષ સ્પષ્ટતા થવામાં સારી સહાય કરી છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવનાં પાંચેય પરમાગમોના રહસ્યગંભીર ઊંડા ભાવોને વાગોળીને પંડિતજીએ અનુવાદનું જે આ અદ્ભુત કાર્ય કર્યું છે તેનાથી ખરેખર તેઓશ્રી 'કુંદકુંદ-ભારતીના પનોતા પુત્ર'ના પવિત્ર બિરુદને યોગ્ય છે. અહા! ધન્ય છે આ કુંદકુંદ-ભારતીના સુપુત્રને કે જેણે તે પવિત્ર વાણીને અનુવાદ દ્વારા લોકોપયોગી બનાવી; અને અહા! ધન્ય છે

આ સત્પાત્રને કે જે, પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી પ્રસન્નતાપૂર્વક નીકળેલ 'હિંમતભાઈ નિકટ મોક્ષગામી છે' એ મંગળ આશિષના સુભાગી બન્યા!

'તેજબા'માતા ધાર્મિક વૃત્તિવાળાં હતાં. તેમના સંસ્કાર સંતાનોમાં ઊતર્યા. પંડિતજી તેજસ્વી વિદ્યાર્થી હતા, બુદ્ધિપ્રતિભા તીક્ષ્ણ હતી. દયાધર્મના સંસ્કારને લીધે તેમણે દાક્તર વગેરેની વિદ્યાશાખામાં જવાનું પસંદ ન કર્યું, માત્ર શિક્ષકની સર્વિસ સ્વીકારીને સાદાઈથી જીવન ગુજાર્યું.

પૂજ્ય બહેનશ્રી અને પંડિત હિંમતભાઈ—ભાઈબહેનની એ તો કોઈ અદ્ભુત જોડી! બંનેય નાનપણથી જ તત્ત્વવિચારક. પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મરસઝરતી અમૃતવાણીનો સુયોગ મળ્યો. બંને ભાઈબહેન વચ્ચે તાત્ત્વિક વિચારોની આપ-લે ખૂબ જ થતી. વૈરાગ્યપ્રેમ તો બંનેએ ગળથૂથીમાં પ્રાપ્ત કરેલો. બંનેમાં હૃદયની એટલી એકતા કે ભાઈ જાણે બહેનનું હૃદય અને બહેન જાણે ભાઈનું હૃદય. પૂજ્ય બહેનશ્રી કહે છે: મારું હૃદય, મારા ભાવો તો હિંમતભાઈ જ જાણે.

સમયસાર વગેરે પરમાગમોનાં રહસ્યગંભીર ઊંડાણમાં ઊતરીને તેમણે જે ભાવપૂર્ણ પ્રમાણભૂત શુદ્ધ અનુવાદો કર્યા છે તે આપણને ખરેખર મહાન ઉપકારી થયા છે. શ્રી સમયસાર વગેરે પાંચેય પરમાગમ ગુજરાતી ભાષામાં ન હોત તો તેના ભાવો આટલા ઊંડાણથી પૂજ્ય ગુરુદેવ દ્વારા આપણને જાણવા મળત કે કેમ તે એક પ્રશ્ન છે. પૂજ્ય ગુરુદેવ પ્રવચનોમાં ખીલી ઊઠતા હતા, શાસ્ત્રના ઊંડા ભાવો ખોલી શકતા હતા તેમાં પંડિતજીના અનુવાદનો નોંધપાત્ર ફાળો છે—એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. પંડિતજીમાં શાસ્ત્રોના ભાવો સમજવાની શક્તિ પૂજ્ય ગુરુદેવની કૃપા તેમ જ સમાગમ દ્વારા આવી છે. તેથી તેઓ ડગલે ને પગલે પૂજ્ય ગુરુદેવનો મહાન ઉપકાર માને છે કે, ગુરુદેવે જ બધું આપ્યું છે, આપણને શું આવડતું'તું? અહા! શો પંડિતજીનો વિનય, તેમની સરળતા ને સાદગી! તેમના વૈરાગ્યની તો વાત શી કરવી? વિશુદ્ધ તર્કણાથી વસ્તુના તળ સુધી પહોંચવાની વિશિષ્ટ બુદ્ધિપ્રતિભાના તથા ખ્યાતિ-પૂજા-લાભ પ્રત્યે હૃદયથી અત્યંત નિસ્પૃહ એવા અસાધારણ વૈરાગ્યભાવના ધણી એવા આપણા પંડિતજી જેવો નમૂનો મળવો મુશ્કેલ છે.

તેમનું જ્ઞાન એટલું તર્કશુદ્ધ છે કે આપણે ભગવાન કુંદકુંદાચાર્યદેવના, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના તેમ જ ગુરુદેવના ઊંડા ભાવો સમજવા માટે કલાકો સુધી મગજમારી કરતા હોઈએ, છતાં જેનું સમાધાન આપણે આપણી મેળે નથી પામી શકતા, તેનું યોગ્ય સમાધાન પંડિતજી બે મિનિટમાં કરી આપે છે. શ્રી કુંદકુંદભગવાન તેમ જ શ્રી અમૃતચંદ્રાચાર્યદેવનો ભાવ આ પ્રમાણે જ છે—એમ આત્મવિશ્વાસપૂર્વક છાતી ઠોકીને કહી શકે એવી વ્યક્તિ આપણા સમાજમાં હોય તો તે એક માત્ર પંડિત હિંમતભાઈ જ છે; એટલા આત્મવિશ્વાસપૂર્વક કહેવું તે બીજાનું ગજું નથી.

પૂજ્ય ગુરુદેવ કહેતા: આપણા 'પંડિત' તો એક હિંમતભાઈ જ છે. પૂજ્ય ગુરુદેવની સભામાં ઉચ્ચ કોટિના શ્રોતા તરીકે તેમનું વિશિષ્ટ સ્થાન હોવા છતાં, તેમની સાદગી તથા બહાર પડવાના પ્રસંગોથી ઉદાસીનતા એટલી બધી કે કોઈને ખબર ન પડે કે સભાનું આ અમૂલ્ય રત્ન છે.

એમની નિસ્પૃહતાની શી વાત! સુરતની સારી નોકરી છોડીને પૂજ્ય ગુરુદેવની વાણીનો ખાસ લાભ લેવા સોનગઢ આવ્યા. પૂજ્ય ગુરુદેવને વિકલ્પ આવ્યા કરતો કે–હિંમતભાઈ નોકરીમાં રોકાય છે, તેના કરતાં નિવૃત્તિ લઈ લે; અને અષ્ટસહસ્રી વગેરે શાસ્ત્રો વાંચીને આપણને નવા ન્યાયો કહે. સુરબ્બી શ્રી નાનાલાલભાઈ જસાણીએ, પૂજ્ય ગુરુદેવની ભાવના સમજીને, પંડિતજીને વિનંતી કરી કે–હું રૂા. ૩૦,૦૦૦ તમારા નામે વ્યાજે મૂકી દઉં. તમે નોકરી છોડી દો. ત્યાર પછી અમૂક વખતે પૂજ્ય ગુરુદેવે સ્વયં કહ્યું કે વિહારમાં ચરણે ૬૦,૦૦૦ રૂપિયા આવ્યા છે તે તમે રાખો અને નોકરી છોડી દો. પરંતુ વૈરાગ્ય ને નિસ્પૃહતાથી રંગાયેલા હૃદયને તે પસંદ ન પડ્યું.

આપણા આવા ગુણિયલ પંડિતજીનું, ઉપકૃતતાની પવિત્ર ભાવનાવશ, જેટલું બહુમાન કરીએ તે ઓછું છે. આપણને ખબર છે કે તેમને આ બધું ગમતું નથી, પણ પરમપૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીની પવિત્ર ઉપકારછાયામાં, પંડિતજીનો પણ મુમુક્ષુ સમાજ ઉપર ગુજરાતી ભાષામાં અધ્યાત્મશ્રુતરસપાન કરાવવાનો વિશિષ્ટ ઉપકાર છે, તે આપણે કદી ભૂલી શકીએ નહિ. વિશેષ તો, પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવની આ બાળક ઉપર જે કલ્યાણી કૃપાદૃષ્ટિ હતી, ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની જે પ્રસન્નતાભરી અમીદૃષ્ટિ છે, તેની સાથે પંડિતજીનો પણ મારા પર ઘણો ઉપકાર છે, જેથી શાસ્ત્રોના પાઠ બેસાડવાની મને થોડીઘણી ગમ પડે છે. પંડિતજીના તે ઉપકારને હું કદી ભૂલી શકું નહિ. તે ઉપકૃતતાની ભાવભીની ઊર્મિઓ આજે તેમની વર્ષગાંઠના શુભ દિને વ્યક્ત કરીને આપણે સૌ કૃતજ્ઞતાજ્ઞાપનનો આનંદ અનુભવીએ.

—•—

## * બધું આત્મામાં ભર્યું છે, ત્યાં નજર કર *

ભાઈ! બધું આત્મામાં ભર્યું છે, બહારમાં કાંઈ નથી. આત્મામાં જ્ઞાન ને સુખ ભર્યાં છે ત્યાં જો, ત્યાં નજર કર, તો તને જ્ઞાન ને સુખ મળશે. બહારમાં ક્યાંય સુખ નથી. અરે! એક છોકરો મરી જાય પછી ઘરના રોવે છે કે અરે દીકરા! તારા વિના આ મહેલ ને મકાનો સ્મશાન જેવાં લાગે છે. તેમ ભાઈ! આત્માને જાણ્યા વિના બહારમાં બધું સ્મશાન જેવું છે. —પૂજ્ય ગુરુદેવ

# એક સ્પષ્ટીકરણ

સોનગઢમાં નિર્મિત થનાર પૂ. ગુરુદેવશ્રીના સમાધિમંદિરના બાંધકામ સંબંધમાં સમાજમાં કેટલીક ગેરસમજ પ્રવર્તતી હોવાથી, આ બાબતમાં સાચી વસ્તુસ્થિતિ શું છે, તે માનનીય પ્રમુખશ્રીની આજ્ઞાથી જણાવવામાં આવે છે કેઃ—

તા. ૧૬-૨-૮૧ ના રોજ મુંબઈમાં મળેલ ટ્રસ્ટીમંડળની મીટીંગમાં નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો.

"પૂ. ગુરુદેવશ્રીનો સમાધિસ્તૂપ કે સમાધિછત્રી સુંદર બનાવવી. તેની યોજના અને એસ્ટીમેટ તૈયાર કરવા બાંધકામકમીટીને વિનંતિ કરવી."

તે પછી તા. ૧૫-૩-૮૧ ની મીટીંગમાં બાંધકામકમીટીએ સમાધિમંદિરની ડિઝાઈન તથા નકશા રજુ કર્યા; પણ તે મંજુર કરતાં પહેલાં આ બાબતમાં દરેક મંડળને લખી સલાહ-સૂચન મંગાવવાનું ટ્રસ્ટીમંડળે નક્કી કર્યું. અને કમીટીએ રજુ કરેલ નકશા બાબત બીજી મીટીંગમાં વિચારણા કરવાનું ઠરાવ્યું.

તે પછી ટ્રસ્ટની તા. ૩-૫-૮૧ ની મીટીંગમાં એમ નક્કી કરવામાં આવ્યું કે બાંધકામકમીટી તરફથી રજુ કરવામાં આવેલા નકશા વગેરે જયપુર મોકલવા અને ત્યાંથી સલાહ-સૂચના મેળવવી.

તે પછી ટ્રસ્ટની મીટીંગ તા. ૧૬-૮-૮૧ ના રોજ મળી. સમાધિમંદિરની જે ડીઝાઈન તથા પ્લાન બાંધકામકમીટીએ તા. ૧૫-૩-૮૧ ની મીટીંગમાં રજુ કરેલ હતા તે જ ડીઝાઈન અને પ્લાન મંજુર કરવામાં આવ્યા અને એવો નિર્ણય કરવામાં આવ્યો કે આખું સમાધિમંદિર નક્કર Solid આરસનું બનાવવું-પ્લીંથમાં પણ ચારે બાજુ આરસ ચોડવો. થાંભલા, બીમ, સ્લેબ, શિખર વગેરે બધું આરસનું કરવું. અને તેનું એસ્ટીમેટ આવતી મીટીંગમાં રજુ કરવું.

પ્લાન પાસ થવાથી કામ શરૂ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી. પાયાનું ખોદાણકામ, સીમેન્ટકાંકરેટકામ, રબલકામ અને પ્લીંથકામ લગભગ નવેમ્બરની દસ તારીખ સુધીમાં પૂરું થઈ ગયું.

આ કામ ચાલતું હતું તે દરમ્યાન નક્કર આરસનું બનાવવામાં કેટલું ખર્ચ થશે તેનાં એસ્ટીમેટ તૈયાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી. એક નંબરનો આરસ વાપરીએ તો શું ખર્ચ થાય, બે નંબરના આરસમાં કેટલું ખર્ચ થાય વગેરે જુદાં જુદાં એસ્ટીમેટો તૈયાર કરવામાં આવ્યાં. અને છેવટે પાકી ખાત્રી કરવા અને એસ્ટીમેટનો ચોક્કસ આંકડો નક્કી કરવા બાંધકામકમીટીના એક સભ્ય શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી જાતે મકરાણા ગયા અને પાકી તપાસ કરતાં જણાયું કે આ પ્રમાણેનું કામ કરાવતાં

આશરે બારથી પંદર લાખ રૂપિયા ખર્ચ થવા સંભવ છે. આ દરમ્યાન સીમેન્ટ-કાંકરેટના પિલરો વગેરે કરી તે ઉપર આરસના પાટિયા લગાવવામાં આવે તેનો અડસટ્ટો પણ કઢાવવામાં આવ્યો. જે આશરે રૂપિયા પાંચ લાખનો થયો.

ઉપર પ્રમાણેની હકીકત ટ્રસ્ટીમંડળને જણાવવામાં આવી અને તા. ૨૦-૨-૮૨ ના રોજ ટ્રસ્ટીમંડળની મીટીંગ મળી. તેમાં બાંધકામકમીટીએ જણાવ્યા પ્રમાણેની યોજના રૂપિયા પાંચ લાખના અંદાજી ખર્ચ સહિત મંજૂર કરવામાં આવી. જેના ખબર બાંધકામકમીટીને માર્ચની શરૂઆતમાં મળ્યા.

પ્લીંથ સુધીનું કામ આરસના પિલરો કરવાના હિસાબે કરવામાં આવ્યું હતું. હવે સીમેન્ટકાંકરેટના પિલરો કરવાનું નક્કી થતાં ડીઝાઈનમાં કેટલોક ફેરફાર કરવો પડયો. સીમેન્ટકાંકરેટના પિલરોમાં ફુટીંગ કરવાના હોય છે, જે કરેલ ન હતા. તેથી તેને બદલે મજબૂતાઈ માટે રેફ્ટ વગેરેની સ્પેશીયલ ડીઝાઈન કરાવવી પડી. તે માટે આર. સી. સી. સ્પેશીઆલીસ્ટ શ્રી રજનીભાઈ કામદારને બોલાવી, ખાસ ડીઝાઈન કરાવી રેફ્ટ વગેરેનું સીમેન્ટકાંકરેટ તેમની હાજરીમાં કરાવવું પડયું. તેમાં પણ કેટલોક સમય ગયો. આમ નવેમ્બરની શરૂઆતમાં બંધ રાખેલું બાંધકામ માર્ચની આખરમાં શરૂ થઈ શક્યું.

વળી સીમેન્ટકાંકરેટનું કામ ઈંટના ચણતર જેટલી ઝડપથી કરી શકાતું નથી કારણ કે સીમેન્ટકાંકરેટના કામને બે થી ત્રણ અઠવાડિયા પાણી ભરીને પકાવવું પડે છે. તે પહેલાં તેના ઉપર નવું વજન લઈ શકાતું નથી. આમ રેફ્ટ ઉપર પિલર કરતાં પહેલાં રેફ્ટનાં કાંકરેટને પાકવા દેવું પડે છે. અને કોલમ ઉપર છત અને બીમ લેતાં પહેલાં કોલમના પણ તે જ પ્રમાણે પાણી છાંટી પકવવા પડે છે. તેમ કરવામાં ગફલત થાય તો કામ કાચું રહી જાય છે. આ રીતે સીમેન્ટકાંકરેટના કામમાં ઈંટ કે ટોડાનાં કામ જેટલી ઉતાવળ કરી શકાતી નથી.

અત્યારે હવે કોલમ, છજાં, સ્લેબ, બીમ, ચોડિયારા વગેરે કામ થઈ ગયાં છે. તેના ઉપર ક્યારા કરી પાણી ભરી રાખવામાં આવે છે. હવે ઘૂમટી, શિખર, પેરેપેટ, પાનેલ, સરાં વગેરે કામ બાકી છે. શિખરની ડીઝાઈન ચાલુ શિખરો કરતાં જુદી હોઈ તે માટે ખાસ પ્રકારના કારીગરોની જરૂર પડશે. તે માટે તજવીજ ચાલે છે.

લગભગ લાખથી દોઢ લાખની કિંમતનો આરસ આવી ગયો છે. અને બીજા વધુ આરસની તપાસ કરવા માટે મકરાણા માણસ મોકલેલ છે.

શ્રી સમાધિમંદિરના કામની હકીકત ઉપર મુજબ જરા વિસ્તારથી જણાવી છે, જેથી સમાજને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવે.

લિ૦

બાંધકામ કમીટી

તા. ક.—બાંધકામકમીટીમાં નીચે પ્રમાણે સભ્યો છે. જેઓ બધા ખંતથી, સહકારથી અને સુમેળથી કામ કરે છે.

| | |
|---|---|
| ૧ ડૉ. પ્રવીણભાઈ દોશી, | રાજકોટ |
| ૨ શ્રી સુમનભાઈ રામજીભાઈ દોશી, | મુંબઈ |
| ૩ શ્રી હિંમતલાલ હરગોવીંદદાસ શાહ, | ભાવનગર |
| ૪ શ્રી ચિમનલાલ ઠાકરશી મોદી, | મુંબઈ |
| ૫ શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ, | સોનગઢ |

## સુવર્ણપુરી–સમાચાર:—

❀ અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં સવારે જિનેન્દ્ર-પૂજન, ત્યારબાદ પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનું અધ્યાત્મ-અમૃત ઝરતું ટેઈપ-પ્રવચન, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ અને સાંજે પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેઈપ-પ્રવચન—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે.

❀ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રી આપણા માટે ટેઈપ-પ્રવચનોની અમૂલ્ય નિધિ મૂકી ગયા છે તેનો સોનગઢમાં બે વખત સૌ નિયમિત લાભ લઈ રહ્યા છે. શ્રી સમયસારજી ઉપરનાં ૧૯મી વખતનાં પ્રવચનો, શ્રી કળશટીકા, શ્રી છ-ઢાળા, શ્રી યોગસાર ઉપરનાં સળંગ ટેઈપ-પ્રવચનો સભામાં સંભળાવવામાં આવ્યા છે. હાલ 'બહેનશ્રીનાં વચનામૃતો' ઉપરનાં ટેઈપ-પ્રવચનો તેમ જ ૨૧ વર્ષ પહેલાંના શ્રી પદ્મનંદી–શ્રાવકાચાર અને પદ્મનંદી–દેશવ્રતોદ્યોતનના સિંહનાદવાળાં અલૌકિક પ્રવચનો દશલક્ષણ–પર્યુષણપર્વ નિમિત્તે ચાલી રહ્યાં છે, જે સાંભળતાં મુમુક્ષુઓ જાણે ૨૧ વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીને સાક્ષાત્ સાંભળતાં હોય તેવા પ્રમોદથી અત્યંત અત્યંત આનંદ–વિભોર બની જાય છે. આ પ્રવચનો પૂરાં થયા બાદ સવારે શ્રી ઇષ્ટોપદેશ ઉપરના ઇ.સ. ૧૯૬૬ ના પ્રવચનો સભામાં સંભળાવવામાં આવશે.

❀ ભાદરવા સુદ ચોથના રોજ, આદરણીય મુરબ્બી શ્રી રામજીભાઈનો ૧૦૦ મો જન્મદિન હતો, તેની ખુશાલીમાં સવારના ટેઈપ–પ્રવચન બાદ સર્વે મુમુક્ષુભાઈઓ તેઓશ્રીના નિવાસસ્થાને અભિનંદન આપવા ભેગા ગયા હતા.

❀ શ્રાવણ વદ ચૌદશના રોજ આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહનો ૭૫ મો જન્મદિન હોવાથી, સવારે ટેઈપ પ્રવચન બાદ શ્રી સ્વાધ્યાયમંદિરમાં આદરણીય મુરબ્બી શ્રી રામજીભાઈના અધ્યક્ષપણામાં અમૃતજયંતી-સન્માનસમારંભનું આયોજન થયું હતું. જેમાં સૌ પ્રથમ મુરબ્બી અધ્યક્ષશ્રીએ પંડિત શ્રી હિંમતભાઈનું સન્માન

કરતું ભાષણ કર્યું હતું. (જે તેઓશ્રીના શબ્દોમાં જ આગળ છાપવામાં આવેલ છે.) ત્યાર બાદ માનનીય અધ્યક્ષશ્રીએ પંડિતજીને સુખડનો હાર પહેરાવીને તેઓનું બહુમાન કર્યું હતું. બ્ર. શ્રી ચંદુભાઈએ, પં. શ્રી નવલચંદભાઈએ, પં. શ્રી પદમચંદજી અભાનાવાળા તથા પં. શ્રી દેવચંદજી પ્રોફેસર–સહારનપુરવાળાએ પંડિતજીનો ઉપકાર વ્યક્ત કરતાં ભાષણો કર્યાં હતા. પંડિતજીનો ઉપકાર વ્યક્ત કરવા અનેક મુમુક્ષુઓએ '૭૫'ના આંકમાં શ્રી નંદીશ્વરજિનાલય ખાતે રકમો જાહેર કરી હતી, જે કુલ રૂા. ૫૦૦૦ ઉપર થઈ હતી. આ અમૃતજયંતી સન્માનસમારંભની પૂર્ણાહૂતિમાં આદરણીય પંડિત શ્રી હિંમતભાઈએ આભારદર્શનમાં પોતાની લઘુતા દર્શાવતાં અતિ નમ્રતાપૂર્વક કહ્યું હતું કે—"સારું થયું કે આ સમારંભ યોજવાનો છે તેની મને ખબર જ ન હતી; નહિતર મારી આખી રાત બોજામાં જાત. સૌએ શુભેચ્છા બતાવી તે, સૌની મારા પ્રત્યે લાગણી છે. એ માટે મારે ઋણ વ્યક્ત કરવું જોઈએ, કારણ કે તે એક પ્રથા છે; પણ ખરેખર તો આ સમારંભ તે મારા પર એક બોજો જ છે. હું આ સન્માનને યોગ્ય નથી. લોકોને મારા ઉપર લાગણી છે તેથી તેમણે મારા પ્રત્યે જે શુભેચ્છાઓ પ્રદર્શિત કરી છે તેને યોગ્ય હું થાઉં અને મારું કલ્યાણ કરું–એવી હું ભાવના ભાવું છું."

એ રીતે પંડિત શ્રી હિંમતભાઈ પ્રત્યે પોતાની હાર્દિક કામનાઓ વ્યક્ત કરતો આ અમૃતજયંતી સન્માનસમારોહ પૂર્ણતાને પામ્યો હતો.

❀ દશલક્ષણ પર્યુષણ પર્વ નિમિત્તે 'શ્રી દશલક્ષણ મંડલ વિધાન પૂજન' શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ બોટાદ હસ્તે ત્રીવેણીબેન તરફથી રાખવામાં આવેલ હતું.

❀ 'આદરણીય શ્રી રામજીભાઈ દોશી જન્મશતાબ્દિ વિશેષાંક'ના રૂપમાં સપ્ટેમ્બર તથા ઓકટોમ્બર ૧૯૮૨ ના આ અંક પ્રકાશિત થઈ રહેલ હોવાથી આત્મધર્મનો આગામી અંક ૧–૧૧–૮૨ ના રોજ પ્રકાશિત કરવામાં આવશે.

---

[ વૈરાગ્ય સમાચાર પાનું ૬૪ થી ચાલુ ]

* બેંગલોર નિવાસી શ્રી ભબુતમલ ભંડારીના માતુશ્રી (વર્ષ-૯૫) તા ૧૦–૭–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મલાડ નિવાસી શ્રી હરગોવિંદાસ ઓધવજીભાઈ અજમેરા (વર્ષ-૮૦) તા. ૩૧–૭–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણ નિવાસી શ્રી ચંદુલાલ કસ્તુરચંદ શાહ (વર્ષ–૭૦) તા. ૮–૮–૮૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામીને આત્મોન્નતિ સાધો એ જ ભાવના.

# પૂજ્ય જીવરાજજી મહારાજનો સ્વર્ગવાસ

પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીના અન્તેવાસી, અર્ધશતાબ્દિથી પણ વધુ સમય સુધી પૂજ્ય ગુરુદેવશ્રીની કલ્યાણકારી પવિત્ર છાયામાં રહી, તેમનો સમાગમ તથા સેવા કરનાર વયોવૃદ્ધ પૂજ્ય શ્રી જીવરાજજી મહારાજનો (ઉંમર ૮૮ વર્ષ) ભાદરવા સુદ એકમ, તા. ૧૦–૮–૮૨ ની વહેલી સવારે સોનગઢમાં સ્વર્ગવાસ થયો છે.

તેમણે સં. ૧૯૭૨ માં સ્થાનકવાસી સંપ્રદાયના ગોંડળ સંઘાડામાં સાધુદીક્ષા લીધી હતી. સં. ૧૯૮૨ માં તે તથા તેમના પિત્રાઈ ભાઈ સ્થાનકવાસી સાધુ શ્રી રાજપાલજી પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આવ્યા. સં. ૧૯૯૧ માં પૂજ્ય ગુરુદેવશ્રીના પરિવર્તન પછી તે બંને પૂજ્ય ગુરુદેવના ચરણમાં કાયમ રહેવા માટે સોનગઢ આવ્યા. સં. ૧૯૯૯ માં શ્રી જીવરાજજી મહારાજે પણ મુહપત્તી વગેરે છોડીને પરિવર્તન કર્યું.

શ્રી જીવરાજજી મહારાજ સ્વભાવે સાદા, સરળ ને ભદ્રપરિણામી હતા; તેમને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપાર ભક્તિ હતી. તેમણે સહૃદયપણે પૂજ્ય ગુરુદેવશ્રીની સેવાભક્તિ કરી હતી. તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતમય વાણી તથા તે પવિત્ર વાણીમાં વહેતા 'પરમપારિણામિકભાવ'ના અદ્‌ભુત મહિમા પ્રત્યે ખૂબ જ પ્રેમ હતો. પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી પ્રતિ પણ તેમને સારો આદર હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે પૂજ્ય બહેનશ્રીની અંતરંગ દશાની પવિત્રતા વગેરેનો મહિમા સાંભળીને તેઓ ખૂબ ખુશી થતા હતા, હૃદયથી પ્રસન્નતા વ્યક્ત કરતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પરમ ભક્તિ અને 'પરમપારિણામિકભાવ'ના પ્રેમના ફળસ્વરૂપે તેમનો આત્મા આગળ વધી શીઘ્ર પરમ પદને પામો—એ જ તેમના પ્રતિ શુભાંજલિ.

[બપોરના પ્રવચન બાદ આદરણીય મુરબ્બી શ્રી રામજીભાઈની આજ્ઞા પ્રમાણે બ્ર. શ્રી ચંદુભાઈએ પૂજ્ય જીવરાજજી મહારાજની પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યેની શ્રદ્ધા-ભક્તિ-સેવા તથા તત્ત્વજિજ્ઞાસા સંબંધી બે શબ્દો દ્વારા તેઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ત્યાર બાદ સૌ મુમુક્ષુભાઈબહેનોએ નવ વાર નમસ્કાર મંત્રના જાપ દ્વારા તેમને મૂક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.]

* મોરબી નિવાસી (હાલ નાગપુર) શ્રી ફુલચંદભાઈ હંસરાજ દોશી (વર્ષ-૮૦) તા. ૧૫–૮–૮૨ ના રોજ ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતા. શ્રી ખુશાલઅતિથિ સેવાસમિતિ સોનગઢના ટ્રસ્ટી હોવા ઉપરાંત અનેક પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવોમાં ઘણા જ ઉત્સાહથી સેવા આપી હતી. તેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો.

[ અનુસંધાન પાનું ૬૩ ]

## દશલક્ષણ પર્યુષણપર્વ પ્રસંગે ધર્મપ્રભાવનાર્થે ગયેલા વાંચનકારોની નામાવલી:—

| | સ્થળ | નામ | | સ્થળ | નામ | | સ્થળ | નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દાદર | પ્રદીપકુમાર | ૨૨ | ગાઝિયાબાદ | કેવલચંદજી પાંડયા ગુના | ૪૩ | રાવનમોટા | ડુંગરમલજી ઉદેપુર |
| ૨ | મહીદપુર | ગીરનારીબાપજી કોલારસ | ૨૩ | ભાંગોબ | બાબુલાલજી બીના | ૪૪ | બયાના | યોગેશચંદ અલીગંજ |
| ૩ | ઘાટકોપર | ચિમનભાઈ ઠાકરસી મોદી | ૨૪ | ઉસ્માનબાદ | હરખચંદજી ગંગવાલ | ૪૫ | સીકર | ધન્નાલાલજી ગ્વાલિયર |
| ૪ | ગોલેગંજ | બ્ર. આત્માનંદકુમર | ૨૫ | બકસવાહા | વીરચંદજી મૌ | ૪૬ | મણિનગર | રમણભાઈ તલોદ |
| ૫ | જબલપુર | બ્ર. જતીષકુમાર ઈંદોર | ૨૬ | આગ્રા | લાલારામજી વિદિશા | ૪૭ | ઉજ્જૈન | મીશ્રીલાલજી ગુના |
| ૬ | નાગદામન્ડી | દેવેન્દ્રકુમાર બરાયડા | ૨૭ | પીપરઈ | સાગરચંદજી ભાંગાવ | ૪૮ | આરોન | શાંતિકુમારજી મૌ |
| ૭ | જલગાંવ | ધન્યકુમાર ભોરે કારંજા | ૨૮ | મહરોની | તારાચંદજી ખંડેરી દમોહ | ૪૯ | સનાવદ | કપૂરચંદજી કરેલી |
| ૮ | બાગૈદોર | બ્ર. દવાચંદજી લકડવાસ | ૨૯ | વડોદરા | નેમચંદભાઈ રખિયાલ | ૫૦ | ખતૌલી | પ્રેમચંદજી જયપુર |
| ૯ | છતરપુર | કૈલાસચંદજી અશોકનગર | ૩૦ | દાહોદ | વેલજીભાઈ ઉજ્જૈનવાળા | ૫૧ | ઢાકુરગંજ | અશોકકુમાર લુહાડીયા |
| ૧૦ | ઇટારસી | કપુરચંદજી ભાયજી સાગર | ૩૧ | કલકત્તા | હુકમચંદજી ભારિલ્લ | ૫૨ | મૈહરોની | બાબુલાલ નાથાલાલ ફતેપુર |
| ૧૧ | ભૂળયા | ઉગ્રસેન બંડી ઉદયપુર | ૩૨ | સુરત | નવલચંદભાઈ સોનગઢ | ૫૩ | બલેસર | અરવિંદકુમાર |
| ૧૨ | ખંડવા | બ્ર. સંતોષકુમાર વિદિશા | ૩૩ | ગંજબાસૌદા | હિંમતભાઈ ઓબાળિયા | ૫૪ | ઉદયપુર | ઘાસીલાલજી ગુના |
| ૧૩ | બિજાલિયા | છગનલાલ લુહારદા | ૩૪ | સુસનેર | કુંદનલાલ પથરીયા | ૫૫ | ખુરઈ | શ્રી ચંદુભાઈ ફતેપુર |
| ૧૪ | હરસૂદ | મોતીલાલજી કરેલી | ૩૫ | ગુના | બ્ર. ઝમકલાલજી સોનગઢ | ૫૬ | મંદસૌર | ગંભીરચંદજી અલીગંજ |
| ૧૫ | મદ્રાસ | સુખીચંદજી લોઢા | ૩૬ | અજમેર | હરખચંદજી અશોકનગર | ૫૭ | બડવાહા | શ્રી તારાચંદજી ખનીયાધાના |
| ૧૬ | અમ્બાદ | શુભચંદજી વિદિશા. | ૩૭ | સાવરકુંડલા | નેમીચંદભાઈ મુંબઈ | ૫૮ | મલાડ | હિંમતલાલ વાલજી ડગલી |
| ૧૭ | મોણ્ડર (રાજ) | તેજમલજી પીડયા | ૩૮ | ઈન્દૌર | દેવીલાલજી ઉદેપુરવાળા | ૫૯ | બડૌત | રતનચંદજી ભારિલ્લ |
| ૧૮ | બડનગર | જ્ઞાનચંદજી કરેલી | ૯૩ | રખિયાલ | સુરેન્દ્રકુમાર તલાટી | ૬૦ | ભીન્ડ | મધુકરજી જલગાંવ |
| ૧૯ | દિલ્હી | નરેન્દ્રકુમાર જયપુર | ૪૦ | મેરઠ | પ્રહ્લાદજી જૈન મનસૌર | ૬૧ | બંડા | શીખરચંદજી વિદિશા |
| ૨૦ | પારોલા | તોતારામજી ઘોડકે જયપુર | ૪૧ | કુચામન સીટી | વીરસાગર જયપુર | ૬૨ | બુન્દી | પ્રકાશચંદજી પંડયા ઈંન્દૌર |
| ૨૧ | વિદિશા | ચંપકલાલ પટવારી લલિતપુર | ૪૨ | ચન્દેરી | મગનલાલજી અશોકનગર | ૬૩ | ધાર (મ. પ્ર.) | બાબુલાલજી સૌજન્ય |

| | સ્થળ | નામ | | સ્થળ | નામ | | સ્થળ | નામ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૪ | બેગુ | રામકિશોરજી કોટા | ૮૬ | લીંબડી | શાંતિલાલ રેવાશંકર | ૧૦૮ | મૈનપુરી | હેમચંદજી ચંદેરી |
| ૬૫ | કૂહા | આણંદીલાલજી વિદિશા | ૮૭ | પોરબંદર | ધર્મદાસજી બડૌત | ૧૦૯ | નાગપુર | અભયકુમાર જૈન જયપુર |
| ૬૬ | તલોદ | રાજકુમારજી મૌ | ૮૮ | નાગપુર | ભાનુકુમાર લલિતપુર | ૧૧૦ | બસડ | રાવસાહેબ નરકેદર |
| ૬૭ | ભાવનગર | શશીકાંતભાઈ ભાવનગર | ૮૯ | વાંકાનેર | છબીલદાસ સુરેન્દ્રનગર | ૧૧૧ | હાટપીપલીયા | નરોત્તમદાસ ખંડેરી |
| ૬૮ | કેકડી | દેવચંદજી સહરાનપુર | ૯૦ | બાનપુર | ફૂલચંદજી | ૧૧૨ | હિસાર | રાકેશકુમાર ખનિયાધાના |
| ૬૯ | હિંગોલી | નેમીચંદજી મલકાપુર | ૯૧ | બામનગર | દિલીપકુમાર | ૧૧૩ | બાલચંદનગર | વિવેકકુમાર શાહપુર |
| ૭૦ | શેલુ | કેશરીમલજી બંડી | ૯૨ | ભોપાલ | યુગલજી કોટા | ૧૧૪ | કુસલગઢ | કમલકુમાર શાસ્ત્રી |
| ૭૧ | કોટા | જવાહરલાલ વિદિશા | ૯૩ | ગ્રીનપાર્ક દિલ્હી | જ્ઞાનચંદજી વિદિશા | ૧૧૫ | નલખેડી | કુન્દનલાલ પથરીયા |
| ૭૨ | બંડાબેલઈ | શીખરચંદ વિદિશા | ૯૪ | સહાદરા દિલ્હી | રાકેશકુમાર જયપુર | ૧૧૬ | સિરોજ | પં. પન્નાલાલજી કરેલી |
| ૭૩ | અમદાવાદ | ચીમનલાલ કામદાર | ૯૫ | ખનિયાધાના | બ્ર. દીપચંદજી ઈન્દૌર | ૧૧૭ | ઝાંસી | પં. શ્રેયાંસકુમારજી જયપુર |
| ૭૪ | ALOD | બ્ર. દવાચંદજી | ૯૬ | રતલામ | બ્ર. અરવિંદકુમાર | ૧૧૮ | પથરિયા | પં. આત્માનંદજી શાહગઢ |
| ૭૫ | સાગર | ફૂલચંદજી શાસ્ત્રી બનારસ | ૯૭ | ઈન્દૌર | બ્ર. સુશીલકુમાર રાઘવગઢ | ૧૧૯ | ચંપાપુર | વિમલકુમારજી જયપુર |
| ૭૬ | શાહગઢ | હુકમચંદજી ઇટાવા | ૯૮ | ઈન્દૌર | અમુલખજી બંધુ | ૧૨૦ | વાનેપુને | પં. જ્ઞાનચંદજી જયપુર |
| ૭૭ | બારા | ધરમચંદજી અશોકનગર | ૯૯ | ભીલવાડ | નેમીચંદજી પાટની આગરા | ૧૨૧ | મુંબઈ | પં. કેસરીચંદજી ધવલ |
| ૭૮ | મહેસાણા | રમેશચંદ મલકાપુર | ૧૦૦ | જબલપુર | વિનોદકુમાર વિદિશા | ૧૨૨ | ઈન્દૌર | પં. કૈલાશચંદજી અચલ |
| ૭૯ | લલિતપુર | બ્ર. હેમરાજ ભોપાલ | ૧૦૧ | મોરાર | લક્ષ્મીચંદજી જૈન સહાદરા | ૧૨૩ | ચોરઈ | પં. દેવેન્દ્રકુમારજી સિંગોડી |
| ૮૦ | શાહગઢ | હુકમચંદ ઇટાવા | ૧૦૨ | ગોરકામટ | કમલચંદજી ઝવેરી | ૧૨૪ | આગ્રા | પં. નરેશચંદજી ભીંડ |
| ૮૧ | વડોદરા | નેમચંદભાઈ રખિયાલ | ૧૦૩ | ગઢાકોટા | નંદકિશોર વિદિશા | ૧૨૫ | મડાવડા | પં. ગોવિંદરામજી ખંડેરી |
| ૮૨ | જબેરા | તારાચંદજી ખનીયાધાના | ૧૦૪ | લોહારદા | શાંતિલાલજી મહીદપુર | ૧૨૬ | પાલી | પં. ચિંતામણીજી મૌ |
| ૮૩ | ઈન્દૌર | કૈલાસચંદજી | ૧૦૫ | બદરવાસ | મોતીલાલજી આરોન | ૧૨૭ | કુરાવલી | પં. મહેન્દ્રકુમાજી ભીંડ |
| ૮૪ | નવરંગપુરા | હીરાલાલ ભીખાલાલ | ૧૦૬ | પીશાગન | અનિલકુમાર ખનિયાધાના | ૧૨૮ | રણાસણ | ચીમનભાઈ વાઘવાડી |
| ૮૫ | મહેશ્વર | ચંપકલાલ જૈન મુંબઈ | ૧૦૭ | કસાબખેડા | રાજન મહેતા જયપુર | ૧૨૯ | શીરપુર | પં. રમેશચંદ્રજી લલિતપુર |

| | સ્થળ | નામ | | સ્થળ | નામ |
|---|---|---|---|---|---|
| ૧૩૦ | સીંગોડી | પં. રખલચંદજી મનસૌર | ૧૩૭ | બીના | પ્રમોદચંદજી છીંદવાડા |
| ૧૩૧ | સહાદરા | પં. જ્ઞાનચંદજી જબલપુર | ૧૩૮ | ગ્વાલીયર | રાજમલજી ભોપાલ |
| ૧૩૨ | શિવની | પં. રંગલાલજી કુરાવડ | ૧૩૯ | લશ્કર | પં. શીખરચંદજી બડોત |
| ૧૩૩ | હરદા | પં. કસ્તૂરચંદજી બેગમગંજ | ૧૪૦ | ડોંગરગઢ | પં. પન્નાલાલ જૈન ખેરાગઢ |
| ૧૩૪ | રાઘૌગઢ | પં. વિનોદકુમારજી જવેરા | ૧૪૧ | ખરગોલ | વિજયકુમાર બરાયઠા |
| ૧૩૫ | કુભરાજ | પં. નિત્યાનંદ શાસ્ત્રી | ૧૪૨ | મંડલા | પં. કૈલાસચંદજી |
| ૧૩૬ | ચોરીવાડ | પં. પુનમચંદ હિંમતનગર | ૧૪૩ | સુરેન્દ્રનગર | પ્રાણભાઈ કામદાર |

* * *

* આત્મધર્મ નહીં મળ્યાની જેઓને ફરિયાદ હોય તેમણે પોતાના ગ્રાહક નંબર સાથે જાણ કરવી.

## છાપતાં-છાપતાં

બૃહદ્ મુંબઈના મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી ચિમનલાલ હિંમતલાલ શાહ (વર્ષ-૬૩) તા. ૩૦-૮-૮૨ ના રાત્રે સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેઓને ઘણા જ શ્રદ્ધા-ભક્તિ હતા. એક ઉત્સાહી આગેવાન કાર્યકર તરીકે ધાર્મિક-પ્રભાવના-કાર્યોમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી પરમાગમો ઉપરના પ્રવચનોને શ્રી કુંદકુંદ કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ દ્વારા લિપિબદ્ધ કરીને પ્રકાશિત કરવાનું તેમજ સોનગઢમાં દિ. જૈન કાનજીસ્વામી વિશ્રાંતિ ગૃહના નિર્માણનું કાર્ય તેમના પ્રમુખપણા નીચે થઈ રહ્યું હતું. વીતરાગ ધર્મના શરણમાં તેમનો આત્મા ઉન્નતિને પામો એ જ કામના.

* સ્થાનિક તેમજ બહારગામથી આવેલા મુમુક્ષુઓએ પર્વાધિરાજ પર્યુષણપર્વ આનંદોલ્લાસ પૂર્વક સોનગઢમાં ઉજવ્યો હતો. આ નિમિત્તે વિશેષ કાર્યક્રમરૂપે દશલક્ષણ-ધર્મ વિધાન-પૂજન તથા સાંજે પ્રતિક્રમણ રાખવામાં આવતુ હતું. આ મંગલ પર્વની પૂર્ણાહુતિ નિમિત્તે પુનમના રોજ જિનેન્દ્ર રથયાત્રા કાઢવામાં હતી. ક્ષમાવણીદિને સૌરાષ્ટ્રના અનેક મંડળના મુમુક્ષુઓ ક્ષમાપના માટે આવ્યા હતા. * *

---

### નવાં પ્રકાશનો—

નીચેનાં બન્ને પુસ્તકો શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા થોડા વખતમાં પ્રકાશિત થવાનાં છે.

**વચનામૃત-પ્રવચન**
બીજો ભાગ
(પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'બહેનશ્રીનાં વચનામૃત' પર પ્રવચન)

**જ્ઞાનામૃત**
(હિન્દી-ભાષાંતર)
(શ્રીમદ્ રાજચંદ્રમાંથી ચૂંટેલાં વચનામૃત)

* * *

## ટેઈપના ડુપ્લીકેટ સેટ સંબંધી:—

સાદિ અનંત શાશ્વત સુખનો માર્ગ દર્શાવનાર, એ માર્ગે પ્રયાણ કરવાની પ્રેરણા જગાડનાર આપણા જીવનશિલ્પી આત્મોદ્ધારક પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિ હોવાથી તેઓશ્રીના ટેઈપ–રેકોર્ડેડ પ્રવચનો દ્વારા આપણને પુરુષાર્થની પ્રત્યક્ષવત્ પ્રેરણા મળી રહી છે. પુરુષાર્થ-પ્રેરણાદાયી આ દિવ્યવાણી અત્યંત સુરક્ષિતપણે રહીને પ્રસાર–પ્રચાર પામે તેવી સર્વે મુમુક્ષુઓને અત્યંત ભાવના વર્તી રહી છે. તે અંગે જણાવતા અત્યંત હર્ષ થાય છે કે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આપણા માટે તથા આગામી પેઢી દર પેઢી માટે જે અમૂલ્યનિધિ મૂકતા ગયા છે તે ટેઈપ-પ્રવચનોનો ડુપ્લીકેટ સેટ ઉતારવાનું કાર્ય શરૂ થઈ ગયું છે. ડુપ્લીકેટ સેટ તૈયાર કરવા માટે આપણે જે પ્રકારનું ટેઈપ–રેકોર્ડર જોઈતું હતું તે મેળવવા છેલ્લા દોઢ વર્ષથી અનેક પ્રયત્નો કરતાં, તે જ પ્રકારનું ટેઈપ-રેકોર્ડર જુલાઈ '૮૨ માં મળી શક્યું છે અને તેથી આ ઓગસ્ટથી ડુપ્લીકેટ સેટ તૈયાર કરવાના કાર્યનો પ્રારંભ થઈ ગયો છે. તેમ જ આ સુરક્ષાનું કાર્ય—ડુપ્લીકેટ સેટનું કાર્ય બને તેટલું જલ્દી પૂરું કરવા માટે પૂરતો પ્રયત્ન થઈ રહ્યો છે. ટેપ-સુરક્ષા ઉપરાંત તેના ઝડપી પ્રચાર માટે પણ મુમુક્ષુઓને જલ્દી જલ્દી કેસેટ ઉતારીને આપી શકાય તેવી વ્યવસ્થા પણ થઈ રહી છે. અહીં સંસ્થામાં ઉતરાવેલી કેસેટ માટે મુમુક્ષુઓ ખૂબ જ સંતોષ વ્યક્ત કરી રહ્યા છે તેનું મુખ્ય કારણ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનો પુનિત પ્રતાપ છે, તથા બીજું કારણ એ છે કે અહીં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોની અસલ ટેપ–મૂળ કોપી હોવાથી તેમ જ મોટા રીલમાંથી મોટા ટેપરેકોર્ડર દ્વારા કેસેટ ઉતારી આપવામાં આવતી હોવાથી પૂજ્ય ગુરુદેવશ્રીના અસલ અવાજમાં સાક્ષાત્ પ્રવચનો સાંભળતાં હોઈએ તેવું રેકોર્ડિંગ થઈ રહ્યું છે. તે ઉપરાંત અધ્યાત્મતીર્થધામ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીને સાક્ષાત્ સાંભળતાં હોઈએ એવા એ વખતના ટેઈપ–પ્રવચનો સાંભળીને મુમુક્ષુઓને ઘણો સંતોષ થાય છે અને અધ્યાત્મ–અમૃત પીરસતી પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યવાણીની કેસેટ વસાવવાનો ઉત્સાહ જાગે છે, તેઓને પ્રવચનોની તૈયાર કેસેટ મળી રહે તેવી વ્યવસ્થા પણ અહીં રાખવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો ઉતરાવવા કેસેટ મોકલવા માટે અથવા તો પ્રવચનોની તૈયાર કેસેટ મંગાવવા માટે:—

ટેપ–રેકોર્ડિંગ વિભાગ, શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર) પીનકોડ–૩૬૪ ૨૫૦



૬૯ મી જન્મજયંતીના દિવસે દર્શનાર્થીઓને મંગલ આશીર્વચનરૂપે માર્મિક તત્ત્વસંબોધન કરી રહેલા ધન્ય-અવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી



૬૯મી જન્મજયંતીના દિવસે આદરણીય મુરબ્બી શ્રી રામજીભાઈ સાથે
પ્રસન્નતાપૂર્વક વાતચીત કરી રહેલા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

—०—

**જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વેની આત્મધર્મ-પરિવાર ક્ષમા માંગે છે.** – સંપાદક

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : રામજીભાઈ માણેકચંદ દોશી
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ
PIN : 364250
મુદ્રક : અજિત મુદ્રણાલય, સોનગઢ.
[ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]